CMYK

Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૮૧
તા.૨૭-૦૪-૨૦૧૮, શુક્રવાર
સંવત ૨૦૭૪ વૈશાખ સુદ - ૧૨
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૧૧ સૂર્યાસ્ત : ૦૭:૦૫

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૩૯.૮ | વડોદરા | ૩૯.૭ |
| અમદાવાદ | ૪૧.૩ | સુરત | ૩૫ |
| ગાંધીનગર | ૩૯.૮ | નલિયા | ૩૪.૨ |

ચાંદી : ૪૦,૫૦૦ સોનું : ૩૦,૪૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# રાજયમાં ગરમીનો પારો ૪૨ને પાર

## વિચાર વૈભવ...

### માહિતી અધિકાર

સરકારે માહિતી પ્રાપ્ત કરવાનો અધિકાર નાગરિકને આપેલો છે એને કારણે તમે સરકારી કે બિનસરકારી એવા કોઈ પણ જાહેર ક્ષેત્રોનો હિસાબ કિતાબ અને માહિતી માગી શકો છો. એ માટે થતો અલ્પખર્ચ તમારે ભરવો પડે છે. સરકારે ઘડેલા આ નિયમોને કારણે આપણા સમાજમાં એક નવો ત્રાસવાદ શરૂ થયો છે. કેટલાક લોકો આ માહિતી અધિકારના કાયદાનો દુરૂપયોગ કરીને અન્ય કેટલાક સજ્જનોની પાછળ પડી જાય છે અને સતત વિચિત્ર પ્રકારની બિન ઉપયોગી માહિતીઓ માગ્યા જ કરે છે. હકીકતમાં આ કાયદો જે તે વિસ્તારોને પોતાના વિકાસ માટે જરૂરી એવી માહિતી એકત્રિત કરવા અને એના ઉપયોગ દ્વારા વિકાસના નવા કામો શરૂ કરાવવા માટે છે. પ્રજાહિતની અને પ્રજા કલ્યાણની માહિતી વિશે ઝંખના રાખનારા લોકોની સંખ્યા ઓછી છે અને માત્ર પરપીડન માટે માહિતીના સંકલન કરનારા દૂષિત તત્વોની સંખ્યા વધુ છે. આ સ્થિતિમાં સુધારો થવો જરૂરી છે.

## સુરેન્દ્રનગરમાં મહત્તમ તાપમાન ૪૨.૩ : વધતી ગરમી વચ્ચે જનજીવન ઉપર અસર : ડીસા શહેરમાં મહત્તમ તાપમાન ૩૯.૮ ડિગ્રી સુધી પહોંચ્યું

અમદાવાદ

ગુજરાતમાં ગરમીના પ્રમાણમાં વધુ વધારો થયો છે. ગઈકાલની સરખામણીમાં આજે અનેક વિસ્તારોમાં પારો વધ્યો હતો. ઘણી જગ્યાએ તો ૪૨થી પણ ઉપર પારો પહોંચી ગયો છે. સુરેન્દ્રનગરમાં સૌથી વધારે ગરમીનો અનુભવ થયો હતો અને અહીં પારો ૪૨.૩ સુધી પહોંચ્યો હતો. રાજકોટમાં પણ મહત્તમ તાપમાન ૪૨ નોંધાયું હતું. હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, અમદાવાદમાં પણ પારો વધી શકે છે. તીવ્ર ગરમીના પરિણામસ્વરૂપે જનજીવન ઉપર પણ પ્રતિકુળ અસર થઈ રહી છે. બપોરના ગાળામાં લોકો બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. રસ્તાઓ સુમસામ થઈ ગયા છે. આજે પણ બપોરના ગાળામાં તીવ્ર ગરમીનો અનુભવ થયો હતો. પારો ૪૨થી પણ ઉપર અનેક જગ્યાએ પહોંચી ગયો છે. હવામાન વિભાગ તરફથી જણાવવામાં આવ્યું છે કે, અમદાવાદમાં મહત્તમ તાપમાન આવતીકાલે આજની સરખામણીમાં વધશે નહીં પરંતુ પારો ૪૧ની આસપાસ રહેશે. તીવ્ર ગરમી વચ્ચે સાવચેતી રાખવાની જરૂરિયાત દેખાઈ રહી છે. ગરમીના પ્રમાણમાં હાલમાં સતત ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે.

## અમીરગઢ નજીક મૃત હાલતમાં મળેલ યુવતી પાલનપુરની હોવાનું ખુલ્યું

પાલનપુર

બનાસકાંઠાના અમીરગઢ નજીક આવેલા રાજસ્થાનના વાસડા ગામ નજીકના રેલવે ટ્રેક પરથી તાજેતરમાં જ અર્ધનગ્ન હાલતમાં મળી આવેલો યુવતીનો મૃતદેહ પાલનપુરની ગૂમ યુવતીનો હોવાનો ચોં-કાવનારી વિગતો બહાર આવી છે. આ મામલાની જાણ થતાં મૃતક યુવતીના પરિવારજનો પણ આજે રાજસ્થાનના આબુરોડ દોડી ગયા હતા.

રાજસ્થાનના સીમાવર્તી વાસડા ગામ નજીકના રેલવે ટ્રેક પરથી તાજેતરમાં જ મધરાત્રે એક અજાણી યુવતીનો અર્ધનગ્ન મૃતદેહ મળી આવતા રાજસ્થાન પોલીસે ઘટના સ્થળે દોડી જઈ તપાસની તજવીજ હાથ ધરી હતી.આ પ્રકરણની પ્રાથમિક તપાસમાં આ મૃતદેહ બનાસકાંઠાના પાલનપુરથી ગૂમ થયેલી અરીના નામની યુવતીનો હોવાની વિગતો બહાર આવતા આ મામલે રાજસ્થાન પોલીસે પાલનપુર પોલીસનો સંપર્ક કર્યો હતો.જે વખતે અરીના નામની આ યુવતી ગૂમ થઈ હોવાની અને આ યુવતીને ઉત્તરપ્રદેશના સરહાનપુરનો યુવક ભગાડી ગયેલ હોવાની ફરિયાદ પાલનપુર પોલીસ મથકમાં નોંધાયેલ હોવાની વિગતો બહાર આવતા રાજસ્થાન પોલીસે પાલનપુરમાં ધામાં નાંખી તપાસની તજવીજ હાથ ધરી હતી. છેલ્લા કેટલાક સમયથી રાજસ્થાનના માવલ ખાતે વીજળીનું કામ કરતો આ યુવક પણ લાપતા હોઈ આ યુવકે જ અરીના નામની આ યુવતીની હત્યા કરી બનાવને આપઘાતમાં ખપાવવા માટે આ યુવતીના મૃતદેહને રેલવે ટ્રેક પર ફેંકી દીધો હોવાની શંકા સાથે રાજસ્થાન પોલીસે લાપતા યુવકની શોધખોળ હાથ ધરી છે.બીજી બાજુ પાલનપુરથી ગુમ થયેલી અરીના નામની યુવતી રાજસ્થાનમાંથી મૃત હાલતમાં મળી હોવાનું જાણવા મળતા મૃતક યુવતીના પરિવારજનો પણ ગુરુવારે આબુરોડ દોડી ગયા હતા.આ ઘટનાનો ગણતરીના દિવસોમાં જ ભેદ ઉકેલી દેનાર રાજસ્થાન પોલીસની કામગીરીની પણ સરાહના થઈ રહી છે.

લોકસભા ચૂંટણીને લઈ સરકારની સવર્ણ રાજનીતિ

## સવર્ણને વિવિધ લાભો આપવા બિન અનામત આયોગ સક્રિય

### બિન અનામત વર્ગોની જરૂરિયાતો જાણવા ગુજરાત સરકાર સર્વે કરાવશે

અમદાવાદ

પાટીદાર અનામત આંદોલન બાદ ગુજરાત સરકાર દ્વારા રચાયેલું બિન અનામત આયોગે બિન અનામતના વર્ગોને લાભ આપવા સક્રિય વિચારણા શરૂ કરી છે. જેમાં બિન અનામત આયોગ દ્વારા સવર્ણોને પણ અનામત વર્ગની જેમ વિવિધ લાભો આપવા માટે કેન્દ્ર સરકારને પણ ભલામણ કરવામાં આવશે પરંતુ તે પહેલાં રાજયમાં આ અંગેની જરૂરી ઔપચારિક પ્રક્રિયાઓ પરિપૂર્ણ કરવામાં આવશે. બિન અનામત સવર્ણ આયોગ દ્વારા અનામત વર્ગના લોકોને જ નોકરી તેમજ અભ્યાસમાં મળતા લાભ બિન અનામત વર્ગને પણ મળે તે માટે હવે આયોગ દ્વારા સક્રિય પ્રયાસો શરૂ કરાયા છે. જેમાં સસ્તા દરે શિક્ષણ લોન ઉપરાંત, ૩૫ જેટલી સરકારી યોજનાનો લાભ આપવા વિચારણા ચાલી રહી છે. આગામી લોકસભા ચૂંટણીને ધ્યાનમાં લઈ ભાજપ સરકારની સવર્ણ રાજનીતિ હવે સામે આવી રહી હોય એમ લાગી રહ્યું છે.

## ઉત્તરપ્રદેશમાં સ્કુલવાન ટ્રેનની અડફેટે આવતાં ૧૪નાં મોત

ગોરખપુર

ઉત્તરપ્રદેશના કુશીનગર જિલ્લામાં માનવ રહિત રેલવે ક્રોસિંગ પર આજે સવારે સ્કુલ વાન અને ટ્રેન ધડાકા સાથે અથડાતા ૧૩ સ્કુલી બાળકો સહિત ૧૪ લોકોના મોત થઇ ગયા હતા. આ બનાવને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદી, રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે પણ દુખની લાગણી વ્યક્ત કરી છે. લાપરવાહીના કારણે આ અકસ્માત થયો હોવાનું જાણવા મળ્યું છે. ડ્રાઈવરે કાનમાં ઈયરફોન લગાવેલા હતા જેથી તેને ટ્રેનનો અવાજ સંભળાયો ન હતો અને વાન ટ્રેનની અડફેટે આવી જતાં આ ભીષણ દુર્ઘટના સર્જાઈ હતી. આજે સવારે કુશીનગરના વિષ્ણુપુરા પોલીસ સ્ટેશનમાં દુદહી રેલવે ક્રોસિંગ ઉપર આ બનાવ બન્યો હતો. અકસ્માતમાં અનેક બાળકો ઘાયલ પણ થયા છે જે પૈકી આઠથી વધુ બાળકો ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

## ડીસાના કરિયાણા સ્ટોર્સમાં નકલી તેલનું વેચાણ થતું હોવાની ફરિયાદને લઈ તપાસ

### ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે તપાસ કરતા તિરૂપતિ કપાસીયાના સ્ટીકર મળ્યા


ભરત સુંદેશા

ડીસા

ડીસાના એક કરિયાણા સ્ટોર્સમાં નકલી તેલનું વેચાણ થતું હોવાની ફરિયાદના પગલે બુધવારે રાત્રે ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી જે સમયે દુકાનમાંથી તિરૂપતિ કપાસીયા તેલના સ્ટીકર મળી આવતા તેલના સેમ્પલ લઈ વધુ તપાસ હાથ ધરી હતી.

ડુપ્લીકેટ ફોર ડીસા તરીકે સમગ્ર ઉત્તર ગુજરાતમાં ડીસાનું નામ બદનામ કરતા તત્વો સામે કડકાઈભર્યા પગલા ન લેવાતા તેમને દિવસેને દિવસે મોકળુ મેદાન મળી રહ્યું છે. શહેરમાં ઘી, તેલ, મરચાં, હળદર કે અન્ય ખાદ્ય ચીજવસ્તુઓનું મોટાપ્રમાણમાં ડુપ્લીકેશન એટલે કે નકલ ખોરી થાય છે. રેડ દરમિયાન અવાર નવાર બ્રાન્ડેડ કંપનીના નામે નકલી ઘી - તેલ પકડાયાના બનાવો સામે આવ્યા છે ત્યારે શહેરના રામદેવ કરિયાણા સ્ટોર્સ નામની દુકાનમાં બ્રાન્ડેડ કંપનીના નામે ડુપ્લીકેટ તેલનું વેચાણ થતું હોવાની ફરિયાદના પગલે બુધવારે સાંજે ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી.

અનુસંધાન પાના નં.૬

## ડીસાના કાંટ નજીક સ્કોર્પીયોની ટક્કરે બાઈક ચાલકનું મોત



ડીસા

ડીસા ચિત્રાસણી હાઈવે પર આવેલા કાંટ ગામ નજીક ગત મોડી સાંજે સ્કોર્પીયો ચાલકે બાઈકને ટક્કર મારતાં બાઈક ચાલક રમેશભાઈ ટાંકનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. આ બનાવના પટલે ઘટના સ્થળે લોકોના ટોળે ટોળા એકઠા થઈ ૧૦૮ ને જાણ કર્યાબાદ મૃતકની લાશને ડીસા સિવિલમાં પી.એમ. માટે ખસેડી હતી. જાણવા મળ્યા મુજબ મૃતક રમેશભાઈ ટાંક ડીસા નગરપાલીકાના નિવૃત ફાયર ફાઈટર અધિકારી હતા.

## બનાસકાંઠામાં છાત્રો પર હાથ ઉપડનારા શિક્ષકો દંડાયા

### કસૂરવાર ૪ શિક્ષકોને રૂ.૧૦ હજારનો દંડ ફટકારતા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી




પાલનપુર

બનાસકાંઠા જીલ્લામાં વધતા બાળ અત્યાચારના બનાવોને લઈ હવે શિક્ષણ વિભાગ હરકતમાં આવ્યું છે. છેલ્લા કેટલાક માસ થી પ્રાથમિક શાળાના બાળકો પર શિક્ષક દ્વારા ઢોર માર મારવાની ઘટનાઓ સામે આવી હતી. જેને પગલે જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ ચાર શિક્ષ-કોને ૧૦ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો છે. જેને પગલે જીલ્લા શિક્ષણ વિભાગના ખળભળાટ છે.

બનાસકાંઠા જીલ્લામાં પ્રાથમિક શાળાના બાળકો પર અત્યાચારની ઘટનાઓમાં વધારો થયો છે. જેને પગલે જીલ્લા શિક્ષણ વિભાગે કડક વલણ અપનાવ્યું છે. બનાસકાંઠા જીલ્લામાં તાજેતરમાં જ જીલ્લા બાળ કલ્યાણ અધિકારી દ્વારા વિદ્યાર્થીને માર મારવાની ઘટનામાં સુઈગામ પોલીસ મથકે ફરિયાદ પણ નોંધાઈ છે. જીલ્લામાં એક બાદ એક બનતી ઘટનાઓને લઈ

અનુસંધાન પાના નં.૬

### દંડાયેલા શિક્ષકો

૧ હરેશ પરમાર - ઉપશિક્ષક - કોટડા
૨ ભાવિક પટેલ - ઉપશિક્ષક - વાસણા
૩ લીલાભાઈ રાણા - ઉપશિક્ષક - બેણપ
૪ ભાવના પટેલ - ઉપશિક્ષક - લિટો સ્કુલ ડીસા

## સાર સમાચાર...

### રાજ્યો સાથે વધુ સહકારથી કામ કરવા કેન્દ્ર કટિબદ્ધ

ગાંધીનગર

ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં આજે વેસ્ટર્ન ઝોનલ કાઉન્સિલની ૨૩મી બેઠક કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહના નેતૃત્વમાં યોજાઈ હતી. આ બેઠકમાં મહારાષ્ટ્ર અને ગુજરાતના મુખ્યમંત્રી, ગુજરાતના પ્રધાનો અને અન્ય રાજ્યોના પ્રધાનો પણ ઉપસ્થિત રહ્યા હતા. મહારાષ્ટ્ર, ગોવા, દમણ અને દિવ, દાદરાનગર હવેલી, કેન્દ્ર અને રાજય સરકારોના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી અને રાજનાથસિંહે સંબોધન કર્યું હતું. રાજનાથસિંહે કહ્યું હતું કે, સ્ટેટ રિઓર્ગેનાઈઝેશન એક્ટ ૧૯૫૬ હેઠળ ઝોનલ કાઉન્સિલની રચના કરવામાં આવી હતી. રાજ્યોની અંદર સહકારથી કામ કરવાની ભાવના વિકસિત કરવાના હેતુસર આની રચના કરવામાં આવી હતી. કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સારા સંબંધ રહે તેનો પણ આનો હેતુ છે. ઝોનલ કાઉન્સિલ આર્થિક અને સામાજિક આયોજનના ક્ષેત્રમાં સામાન્ય લોકોના હિતના મામલાઓ ઉપર ભલામણ કરવા અને ચર્ચા કરવાની તક આપે છે. રાજનાથસિંહે પુનરોચ્ચાર કર્યો હતો કે, કેન્દ્ર સરકાર રાજ્યો સાથે ખુબ નજીકના સહકારથી કામ કરવાની વ્યવસ્થા વિકસિત કરવા કટિબદ્ધ છે.

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાને ચીમકી

## કરોડોની ગ્રાંટનો હિસાબ નહીં અપાય તો અનશન આંદોલન

### કોંગ્રેસી સદસ્યાએ પ્રમુખ-ચિફ ઓફિસરને લેખિત રજૂઆત કરતાં ચકચાર



સંજય જોશી

પાલનપુર

ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકાના રાજમાં બહુમતિ હોવા છતાં ચર્ચાથી દૂર ભાગતા શાશક પક્ષ ભાજપ દ્વારા સાધારણ સભામાં કોઈપણ કામો ચર્ચા કર્યા વિના બહુમતીના જોરે મંજુર કરી બે જ મિનીટમાં સભા આટોપી લેવામાં આવે છે. પરિણામે વિકાસના કયા કામોમાં કેટલી ગ્રાંટ ફાળવાઇ તેનો ખ્યાલ આવતો નથી. સરકારે કરોડો રૂપિયાની વિકાસની ગ્રાંટો આપી હોવા છતાં શહેરમાં વિકાસ જણાઇ આવતો નથી. તેવા ગંભીર આક્ષેપો સાથે અનુસૂચિત જાતિની ગ્રાંટની વિગતો ત્રણ દિવસમાં પુરી નહી પાડવામાં આવે તો અનસન ઉપર ઉતરવાની કોંગ્રેસના સદસ્યાએ ચિમકી આપતાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકામાં અત્યાર સુધીની ઉપપ્રમુખ અશોકભાઇ ઠાકોર દ્વારા ચલાવાયેલી સાધારણ સભાને બાદ કરતાં તમામ સભાઓમાં એજન્ડા મુજબની ચર્ચા કર્યા વિના જ માત્ર બે મિનીટમાં બહુમતીના જોરે તમામ કામો મંજુર.. મંજુર કરીને સભા પુરી કરી દેવામાં આવી છે. વિપક્ષના સભ્યોના હોબાળા વચ્ચે કાગળ ઉપર જ લાખો રૂપિયાની ગ્રાંટો ફાળવાઇ જતી હોવાના આક્ષેપો વચ્ચે કોંગ્રેસના સદસ્યા આશાબેન રાવલે અનુસૂચિત જાતિની ગ્રાંટો અંગે ત્રણ દિવસમાં માહિતી આપવા નગરપાલિકા પ્રમુખ આશાબેન રાવલ અને ચિફ ઓફિસર પંકજભાઇ બારોટને લેખિત રજૂઆત કરી છે.

અનુસંધાન પાના નં.૬

## ભાભર પીએસઆઈ સહીત ત્રણ કર્મીઓએ ફરીયાદી મહિલાની છેડતી કર્યાનો આક્ષેપ

### મહીલાએ હાઈકોર્ટના દ્વાર ખટખટાવતાં તપાસનો આદેશ


વનરાજસીંહ રાઠોડ, સંજય જોશી

તા.પ્રતિનિધિ ભાભર-પાલનપુર

બનાસકાંઠા જીલ્લાના ભાભર પોલીસ સ્ટેશનના કર્મચારીઓ સામે થયા છે મહિલા છેડતીના આક્ષેપ. બનાસકાંઠા જીલ્લાના ભાભર પોલીસ મથકે મહિલા પોતાના સાસરિયાના ત્રાસથી કંટાળી ગઈ હતી. જે બાદ તેઓ પોલીસ સ્ટેશન ફરિયાદ આપવા જતા પોલીસ કર્મચારીઓ દ્વારા પણ તેના શારીરિક શોષણ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો તેવો મહિલાનો આક્ષેપ છે. સમગ્ર ઘટનાના પગલે મહિલાએ નામદાર હાઈકોર્ટના શરણે જતા મહિલાએ કરેલા આક્ષેપોના પગલે તેની તપાસ કરી જો તેમાં તથ્ય જણાય તો આરોપી પોલીસકર્મીઓ સામે ફરિયાદ નોંધવા જીલ્લા પોલીસ અધિક્ષકને આદેશ કર્યો છે.

બનાસકાંઠા જીલ્લાના ભાભર તાલુકાના બલોધર ગામની મહિલા સાથે ફરિયાદ કરવા જતા પોલીસ દ્વારા જ તેની સાથે અભદ્ર વર્તન કર્યું હોવાના આક્ષેપ થયા છે. જે મામલાને ગંભીરતાથી લઈ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમગ્ર મામલે તપાસ કરવા જીલ્લા પોલીસ અધિક્ષકને આદેશ કર્યા છે. બલોધર ગામના મહિલાને તેમના સાસરિય તરફ થી માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. જેને પગલે તેઓ તેમના માતાપિતા પાસે આશ્રિત જીવન ગુજારી રહ્યા હતા.

અનુસંધાન પાના નં.૬

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ.રમેશ આઈ.પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦

CMYK

**સૂર્યોદય - ૬.૧૧ સૂર્યાસ્ત - ૭.૦૫**

## તિથિદર્શન
વૈશાખ સુદ-૧૨ શુક્રવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ વૈશાખ સુદ :બારસ શુક્રવાર નક્ષત્ર:ઉત્તર ફાલ્ગુની બપોરે ૨.૦૧ પછી હસ્ત યોગ :વ્યાઘાત કરણ:કૌલવ આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ.ઠ.ણ.)જ્ઞ અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન
- સુરેશ પ્રા.ભટ્ટ

**સાગ્નયો અપિ ક્લિ શીતલ શીલા, વિશ્રુતા**

**અપિ બહુશ્રુત વન્ત : પંડિતા અપિ જડાઃ**

**પરવાદે શ્રોત્રિયા ઈહ સદા નિવસન્તિ**

સુભાષિત રત્ન ભાંડાગારના ત્રીજા પ્રકરણમાં 'સામાન્ય રાજપ્રશંસા' અંતર્ગત રાજાની રાજસભા કેવી છે/ હોય તેનું વર્ણન છેઃ- 'હે રાજા! (મા-મુખ્યપ્રધાનશ્રી!) તારી સભામાં બહુશ્રુત અને વિદ્વાન - ભણેલા તથા બુદ્ધિમાન વિધાનસભ્યો સદાય પ્રજાનું પ્રતિનિધિત્વ કરે છે. જે શ્રોત્રિય અગ્નિને ધારણ કરે છે અર્થાત્ અગ્નિહોત્રી છે. (સદાય ધર્મનું આચરણ કરનારા છે.) અગ્નિહોત્રી હોવા છતાં તેમનાં મન - સ્વભાવ તો શીતળ જ છે. કોઈની નિંદા કે ખરાબ વાત સાંભળવામાં બહેરા છે. પણ જ્ઞાન- ધર્મ અને વિજ્ઞાનની વાતો સાંભળવા બહુશ્રુત છે. પોતે વિદ્વાન- પંડિત અને જાણાકાર છે. છતાં કોઈની સાથે વાદ-વિવાદમાં ઊતરતા નથી. તેથી અતિનમ્ર અને શાંત હોવાથી 'જડ જેવા દેખાય છે.' આવી વિધાનસભા સાથે આજની રાજસભા/ લોકસભા/ વિધાનસભાઓનું વાસ્તવિક ચિત્ર જોઈએ. સભા શરૂ થવાની હોય તેના આગલા દિવસે વર્તમાનપત્રો આગાહી કરે, 'સત્ર તોફાની' હશે. અધ્યક્ષ આગલે દિવસે 'જમાડી' વિનંતી કરે કે સખણા રે' જો, શાંતિથી ચાલવા દેજો, છતાં ગાળાગાળી, મારામારી, ખુરશી- માઈક ઊછળે, કોઈનું કંઈ સંભળાય નહીં એવું અશિસ્ત અને 'મુલતવી'ના વારંવાર ઈન્ટરવલ- 'બ્રેક'! આ આપણા વિદ્વાનો...

## આપની આજ
- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) આરોગ્ય અંગે સાવચેત રહેવું. મનમાં અશાંતિ રહે.**

**વૃષભ : (બ.વ.ઉ.) દરેક કાર્ય વિલંબથી પૂર્ણ થાય. કાર્યભારમાં વધારો થાય.**

**મિથુન : (ક.છ.ઘ.) મળેલી તકને ઝડપી લેવી, નવિન પ્રગતિ થાય.**

**કર્ક : (ડ.હ.) વ્યવસાયિક કાર્યોમાં આકસ્મીક લાભ થાય. મન પ્રસન્ન રહે.**

**સિંહ : (મ.ટ.) ભાગીદારીથી લાભ થાય.ધારેલા કાર્યો પૂર્ણ થાય.**

**કન્યા : (પ.ઠ.ણ.) નવિન આવકના દ્વાર ખુલે. મનની બેચેની દૂર થાય.**

**તુલા : (ર.ત.) વ્યર્થ ચિંતાના ભોગ બનવું પડે. આકસ્મીક યાત્રાના યોગ છે.**

**વૃશ્ચિક : (ન.ય.) અગત્યના કાર્યમાં રૂકાવટ આવે. ખર્ચ ઉપર કાબુ રાખવો.**

**ધન : (ભ.ફ.ધ.) વાણી સંયમ જાળવવો. સરકારી કાર્યમાં રૂકાવટ આવે.**

**મકર : (ખ.જ.) મનની મનોકામના પૂર્ણ થાય. ધીરજના ફળ મીઠા મળે.**

**કુંભ : (ગ.શ.સ.) સાહસિક કાર્યોમાં સફળતા મળે. સરકારી કાર્યોમાં સફળતા.**

**મીન : (દ.ચ.જ.થ.) મિત્ર વર્ગ સાથે મતભેદ રહે. અચાનક ધન લાભ થાય.**

## આજનો દિન મહાન
- યશવંત કડીકર

બહુશ્રુત પંડિત અઢી ડઝન ભાષાઓના જાણકાર,રસજ્ઞ ,સર્જક સંશોધક સર વિલિયમ જોન્સની પુણ્યતિથિ છે. એમનો જન્મ તા.૨૮-૯-૧૭૪૬ના રોજ લંડનમાં થયો હતો. ચાર વર્ષની ઉંમરે તો એ સારૂં અને ડપી વાંચી શકતા હતા.ઈ.સ.૧૭૭૧માં તેમણે ફારસી ભાષાના વ્યાકરણનો ગ્રંથ પ્રગટ કરેલો. જેણે એમને ખુબ જ નામના અપાવેલી. તેમણે આપણા મહાન સંસ્કૃત ગ્રંથો શાકુંતલ, ઋતુસંહાર, મનુસ્મૃતિને એમની પોતાની ભાષામાં ઉતારીને અંગ્રેજી સાહીત્ય-કોષને વધુ સમૃદ્ધ બનાવ્યો અને એશિયાટિક સોસાયટીની સ્થાપના કરી. આ મહાન વિદ્ધાનનું તા.૨૭-૪-૧૭૯૪ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001 : 2015 CERTIFIED
॥ રોકાણકારોની શ્રદ્ધા અતૂટ.... અમે વિશ્વાસનું પ્રતિક ॥
ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

**તા. ૨૭.૦૪.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...**

**નિફ્ટી ફ્યુચર ૧૦૬૭૬ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!**

**તા. ૨૬.૦૪.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૬૨૩ પોઈન્ટ :-** આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૫૮૮ પોઈન્ટના પ્રથમ અને ૧૦૫૭૩ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૬૪૭ પોઈન્ટ થી ૧૦૬૬૦ પોઈન્ટ, ૧૦૬૭૬ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૦૬૭૬ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

**તા. ૨૬.૦૪.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૫૦૩૦ પોઈન્ટ :-** આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૫૨૫૦ પોઈન્ટના પ્રથમ અને ૨૫૩૦૩ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૪૯૩૦ પોઈન્ટ થી ૨૪૯૦૯ પોઈન્ટ, ૨૪૮૮૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૫૩૦૩ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

**હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...**

**લાર્સેન લિમિટેડ (૧૩૫૧) :-** કન્સ્ટ્રકશન ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૩૩૦ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૩૧૭ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૩૬૬ થી રૂ.૧૩૭૩ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૩૭૭ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

**ઈન્ફોસિસ લિમિટેડ (૧૧૭૩) :-** ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૧૬૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૧૫૩ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૧૮૮ થી રૂ.૧૧૯૩ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!

**ઓરબિન્દો ફાર્મા (૬૩૨) :-** રૂ.૬૨૩ નો પ્રથમ તેમજ રૂ.૬૧૬ ના બીજા સપોર્ટથી ફાર્મા સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૬૪૭ થી રૂ.૬૫૬ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!

**સન ફાર્મા (૫૧૭) :-** ફાર્મા સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૫૨૭ થી રૂ.૫૩૫ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૫૦૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

**એકસિસ બેન્ક (૪૯૩) :-** રૂ.૦૨ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૪૮૦ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક બેન્ક સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૫૦૩ થી રૂ.૫૧૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!

**રેમન્ડ લિમિટેડ (૧૧૨૫) :-** ટેકનીકલ ચાર્ટ મુજબ ટેક્ષટાઇલ સેક્ટર નો આ સ્ટોક રૂ.૧૧૪૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૧૦૯ થી રૂ.૧૦૯૬ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૧૫૫ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

**ઉઁઝન ટેક્નોલોજી (૧૦૭૮) :-** રૂ.૧૦૮૮ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૦૯૭ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૦૬૩ થી રૂ.૧૦૫૭ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૦૯૭ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!

**લ્યુપિન લિમિટેડ (૭૯૮) :-** ફાર્મા સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૮૧૩ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૯૮૩ થી રૂ.૯૭૭ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!

**ટેક મહિન્દ્રા (૬૯૫) :-** ટેકનીકલ ચાર્ટ મુજબ ટેક્નોલોજી સેક્ટરનો આ સ્ટોક રૂ.૭૧૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૬૮૭ થી રૂ.૬૮૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૭૧૯ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

**જેટ એરવેઝ (૬૨૪) :-** રૂ.૧૧૭૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૬૩૬ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક તબક્કાવાર રૂ.૬૧૬ થી રૂ.૬૦૯નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૬૪૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!!
તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...!!!

<u>ઈસ્લામ એન્ડ મેડિકલ સાયન્સ વિષય પર યોજાયેલ સેમિનાર</u>

# રાજ્યના ૬૫૦ મુસ્લિમ તબીબોએ વડોદરામાં ભાગ લીધો

વડોદરા

લોભ, લાલચ, ઘમંડ અને નાણાં કમાવવા પાછળ દોટ મુકનાર તબીબોનું માન વર્તમાન સમયમાં ઘટી ગયું છે. એક સમયે તબીબોને ભગવાનના રૂપમાં જોવાતા હતા. આજે સ્થિતિ વિપરિત છે. તબીબોમાં કરૂણા, દયા અને ક્ષમાનાં ભાવ હોવા જોઈએ. કેર એન્ડ લવ દર્દી માટે અક્ષિર દવા છે. તેમ આજે અહીં મુસ્લિમ ડૉક્ટર્સએસોસીએશન અને મિલ્લત ફાઉન્ડેશન ફોર હેલ્થ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ બેંગ્લોરના સંયુક્ત (ઉપક્રમે) વાઘોડીયા નજીક લીમડા ગામ સ્થિત પારૂલ યુનિવર્સિટી ખાતે યોજવામાં આવેલા સેમિનારમાં મુખ્ય અતિથિ પદેથી સંબોધન કરતાં પદ્મ ડૉ.વલી મોહસીને જણાવ્યું હતું

ઈસ્લામ એન્ડ મેડીકલ સાયન્સ વિષય ઉપર યોજવામાં આવેલા આ સેમિનારમાં ગુજરાતભરમાંથી ૬૫૦ જેટલા તબીબો ઉપસ્થિત રહ્યાં હતા. સેમિનાર યોજવાનો હેતુ ગુજરાતના અને ત્યારબાદ દેશના મુસ્લિમ યુવા તબીબોને એક સાથે જોડી સેવાક્ષેત્રે ઉત્કૃષ્ઠ પ્રદાન કરે તેવો છે.

વિશેષ અને મુખ્ય વક્તા પદ્મ ડૉ.મોહસીન વલી ભારતના ત્રણ રાષ્ટ્રપતિના ફિજીશીયન રહી ચુક્યા છે. જેમાં શંકરદયાલ શર્મા, વ્યંકટ રામન અને પ્રણવ મુખર્જીનો સમાવેશ થાય છે. ઈન્ડિયન મેડીસીનમાં તેમના યોગદાન બદલ ૨૦૦૭ માં પદ્મ એવોર્ડ એનાયત કરવામાં આવેલો હતો. તેમણે વધુમાં કહ્યું કે, તબીબોએ ગરીબોની સેવા નિઃશુલ્ક કરવી જોઈએ. ઈસ્લામ કે અન્ય ધર્મમાં શરીરનાં અંગો કે રક્ત દાન કરવાની મનાઈ નથી. ડૉક્ટર્સ એસોશીએશન દ્વારા રક્તદાન શિબિરો યોજવામાં આવે છે. હિન્દુ અને મુસ્લિમ ધર્મમાં ઘણા પ્રસંગો એકબીજાને મળતાં આવે છે. માનવતા ફેલાવવી અને ગરીબ દર્દીઓની સેવાને લક્ષ્યમાં રાખવા તેમણે સેમિનારમાં ઉપસ્થિત યુવા તબીબોને શીખ આપી હતી. તેમણે એમ પણ કહ્યું કે, દર્દીઓ માટે કેર એન્ડ લવ એક અસરકારક દવા છે.

જો આ દવા કોઈ ન કરે તો ડોઝ વધારી દેવાથી તેની અસર વર્તાશે. સેમિનારનું આયોજનમાં ડૉ.મોહંમદહુસેન, ડૉ.અલ્તાફ મન્સુરી, ડૉ.સલીમ ઉમરજી, ડૉ.શાહીદ મીરઝા, ડૉ. ઈસ્માઈલ પાલા, ડૉ.આરીફ કેસરાની, ઝેડ.એસ.ચૌહાણ, ડૉ.વસીમ મલીક, ડૉ. તૌફીક ડભોઈવાલા, ડૉ.ફિરોઝ વાઘેલા, ડૉ.શોએબ ગેરી, ડૉ. ઈમ્તિયાઝ સૈયદ, ડૉ.રીયાઝ ખોખર, ડૉ.શોએબ મુકરદમવાલા સુલેમા મેમન, ઝુબેર ગોપલાણીએ ભારે જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ.વસીમ મલીક અને ઝુબેર ગોપલાણીએ કર્યું હતું.

# ભારતમાં હાલ ૭૫૫૦ માનવ રહિત રેલવે ક્રોસિંગ આવેલા છે

ગોરખપુર

ઉત્તરપ્રદેશના કુશીનગર જિલ્લામાં આજે સવારે સ્કુલવાન ટ્રેનની અડફેટે આવી જતાં ૧૩ સ્કુલી બાળકો સહિત ૧૪ના મોત થઇ ગયા હતા. આજે સવારે વિષ્ણુપુરા પોલીસ સ્ટેશનના દુદહી રેલવે ક્રોસિંગ નજીક આ બનાવ બન્યો હતો. માનવરહિત રેલવે ક્રોસિંગ પર અકસ્માતો હજુ પણ થઇ રહ્યા છે. માનવરહિત ક્રોસિંગને ખતમ કરવા માટે તમામ પ્રયાસો થઇ રહ્યા છે અને મોટાભાગના માનવ રહિત ક્રોસિંગ દૂર કરવામાં આવી ચુક્યા છે. રેલવે દ્વારા ખુલાસો કરવામાં આવ્યો છે કે, બનાવના સમયે માનવરહિત ક્રોસિંગ પર ગેટમેન તૈનાત હતા. ડ્રાઈવરને જાણ પણ કરવામાં આવી હતી પરંતુ ડ્રાઈવરે ધ્યાન આપ્યું ન હતું. રેલવે બોર્ડના ચેરમેન અશ્વિની લોહાણીએ બનાવ અંગે પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું છે કે, ઘટનાસ્થળ પર ગેટમેન હતા. અરવિંદકુમાર ભારતી નામના ગેટમેને વાનચાલકને રોકવાના પ્રયાસો કર્યા હતા પરંતુ કાનમાં ઈયરફોન હોવાના લીધે તેને પાટા ઉપર આવી રહેલી ટ્રેન અંગે માહિતી મળી શકી ન હતી. અવાજ સંભળાયો ન હતો. બીજી બાજુ રેલવે માનવરહિત ક્રોસિંગને ખતમ કરવાના પ્રયાસ થઇ રહ્યા છે. ગોરખપુર રેલ મંડળમાં ૬૩૩ માનવરહિત ક્રોસિંગ છે. લોહાણીએ કહ્યું છે કે, આ વિસ્તારમાં અનેક જગ્યાઓ ઉપર માનવ રહિત ક્રોસિંગો ખતમ કરી દેવામાં આવ્યા છે. બાકીના માનવરહિત ક્રોસિંગને પણ ખતમ કરવામાં આવી રહ્યા છે. વર્ષ ૨૦૧૭માં રેલવે અકસ્માતોમાં ઘટાડો થયો છે. છેલ્લા ચાર મહિનાના ગાળામાં માનવરહિત ક્રોસિંગ ઉપર આ પ્રથમ બનાવ બન્યો છે. લોહાણીએ કહ્યું છે કે, બ્રોડગેજ ઉપર દેશભરમાં ૩૪૭૯ માનવરહિત રેલવે ક્રોસિંગ બચેલા છે જેથી તેમને ખતમ કરવા માટે સમય લાગી રહ્યો છે. લોહાણીએ દાવો કર્યો છે,

અનુસંધાન પાના નં.૬

# થરામાં બ્રહ્માણી માતાજીના મંદિરનું ભૂમિપૂજન કરાયું



યશપાલસિંહ ટી.વાઘેલા

તાં.પ્રતિ. થરા

કાંકરેજ તાલુકાના વેપારી મથક થરા જૂના ગામતળ માં બિરાજમાન બ્રહ્માણી માતાજીના મંદિરનું ભૂમિ પૂજન કરાયું.પ્રાપ્ત વિગત અનુસાર વર્ષો પહેલાં જ્યારે થરામાં રાજવી પરિવાર વસવાટ કર્યો ત્યારે પ્રથમ પ્રજાપતિ ના હસ્તે ગામ નું તોરણ બંધાયેલ જે તે વખતે સમી તાલુકાના લોલાડા ગામ થી એક પ્રજાપતિ ( કુંભાર) ને બોલાવેલ અને થરામાં સ્થાઈ થયા ત્યાથી થરેચા કહેવાયા.

થરામાં શ્રી બ્રહ્માણી માતાજીનું નાનુ મંદિર બનાવેલ કાળક્રમે મંદિર જીર્ણ થતાં ચૈત્રસુદ પૂનમના નવા મંદિર બનાવવા પ્રજાપતિ ભાઈઓની મીટિંગ ભરાયેલ અને નવું મંદિર બનાવવાની ચર્ચા વિચારણા થતા સર્વાનુમતે નવું મંદિર બનાવવા મંજૂરી મળેલ. જેનું ભૂમિપૂજન ગઈ કાલ વૈશાખસુદ અગિયાર શને ગુરૂવારના શાસ્ત્રી નરેશભાઇ જોષીએ વિધિ વિધાનથી કેશાભાઈ પ્રજાપતિ, જેવતભાઈ પ્રજાપતિ, ભેમાભાઈ પ્રજાપતિ, મનુભાઈ પ્રજાપતિ, દાનાભાઈ પ્રજાપતિ, નટુભાઈ પ્રજાપતિ, ભારુભાઈ પ્રજાપતિ, રાજુભાઈ પ્રજાપતિ તથા રસિકભાઈ પ્રજાપતિના વરદ હસ્તે ભૂમિપૂજન કરાવેલ. આગામી ટૂંક સમયમાં નવા મંદિરનું નિર્માણ કરી પ્રતિષ્ઠા કરવામાં આવશે.આ ભૂમિપૂજન પ્રસંગે થરેચા પ્રજાપતિ પરીવારના ભાઈ- બહેનો હાજર રહેલ.

# વડોદરામા આજે કોગ્રેસ દ્વારા સાઈકલ રેલી

પ્રતિનિધી. વડોદરા

કોગ્રેસ પ્રદેશ પ્રમુખની સુચના અનુસાર તાજેતરમાં વધેલા પેટ્રોલ-ડીઝલ ભાવ વધારાના વિરોધમાં વડોદરા શહેર કોંગ્રેસ સમિતિ ધ્વારા સાઈકલ રેલીનો પ્રારંભ તા.૨૭ને શુક્રવારના સવારે ૧૦:૩૦ કલાકે કોંગ્રેસ કાર્યાલય, લકડી પુલ, વડોદરા થી કરવામા આવશે.એમ શહેર કોગ્રેસ પ્રમુખ પ્રશાંત પટેલે જણાવ્યુ હતુ.

# પિલુચા ખાતે પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો



ભાવેશ શ્રીમાળી

પ્રતિનિધી પિલુચા

વડગામ તાલુકાના પિલુચા ગામે સંવત ૨૦૭૪ ના વૈશાખ સુદ-૭, અને ૮ ને તા. ૨૨/૦૪/૨૦૧૮ થી ૨૩/૦૪/૨૦૧૮ બે દિવસ સુધી શ્રી ગોગ મહારાજ, શ્રી ચેહર માતાજી અને શ્રી જહુ માતાજીનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો.

આ પ્રસંગે પિલુચા ગામના ભુવાજી જગદીશભાઈ હેમાભાઈ પરમાર અને સમસ્ત ખડીયેચા (પરમાર) તથા પિલુચા ગ્રામજનોના સુંદર સહયોગ, સહકાર સાથે આ પાવન મહોત્સવમાં શ્રી ગોગ મહારાજ, શ્રી ચેહર માતાજી અને શ્રી જહુ માતાજીના યજ્ઞના દર્શન કરવા તથા પૂજ્ય સંતોના દર્શન આશીર્વાદ લેવા અને ભોજન પ્રસાદ ગ્રહણ કરવા પિલુચા ગ્રામજનો તેમજ આજુબાજુના ગામમાંથી પ્રેમીભક્તો ઉમટી પડ્યા હતા.તા. ૨૨/૦૪/૧૮ ના રવિવારના રાત્રે ગરબાનું આયોજન રાખેલ હતું.

# સરકાર ઈચ્છે તો જજના નામો ફેરવિચારણા માટે મોકલી શકે

નવીદિલ્હી

સુપ્રીમ કોર્ટે જજના રુપમાં નિયુક્તિ સંબંધિત વોરંટ પર સ્ટે મુકવાનો ઈન્કાર કરી દીધો છે. સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યું છે કે, જો કેન્દ્ર સરકાર ભલામણને પરત મોકલે છે તો તે બાબત તેના અધિકાર ક્ષેત્રમાં છે. ફેરવિચારણા માટે જજના નામને મોકલવાનો અધિકાર કેન્દ્ર સરકાર પાસે રહેલો છે. ચીફ જસ્ટિસ દિપક મિશ્રા, જસ્ટિસ ખાનવીલકર અને જસ્ટિસ ચંદ્રચુડની બેંચે વકીલ ઈન્દિરા જયસિંહની અરજીને અકલ્પનીય તરીકે ગણાવીને કહ્યું છે કે, આવું પહેલા ક્યારે પણ સાંભવામાં આવ્યું નથી. ઉત્તરાખંડ હાઈકોર્ટના ચીફ જસ્ટિસ જોસેફ અને ઈન્દુ મલ્હોત્રાને એક સાથે સુપ્રીમ કોર્ટના જજ નિમવા માટેની માંગ કરીને સુપ્રીમ કોર્ટમાં ૧૦૦થી વધારે વકીલોએ અરજી દાખલ કરી હતી. વરિષ્ઠ વકીલ ઈન્દિરા જયસિંહે પોતાની અરજીમાં કહ્યું હતું કે, કોલેજિયમની ભલામણ છતાં કેન્દ્ર સરકારે કેએમ જોસેફને સુપ્રીમ કોર્ટના જજ તરીકે નિમવાનો ઈન્કાર કરી દીધો છે. કેન્દ્ર સરકારે ઈન્દુ મલ્હોત્રાને જજ તરીકે નિમતી વેળા કોલેજિયમને જસ્ટિસ જોસેફના નામ ઉપર ફેર વિચારણા કરવા માટે સૂચના આપી દીધી છે. વકીલ ઈન્દિરા જયસિંહે કહ્યું છે કે, સુપ્રીમ કોર્ટના ૧૦૦થી વધારે વકીલોએ કેન્દ્ર સરકારના નિર્ણયની ટીકા કરી હતી. જયસિંહે દલીલ કરી હતી કે, અમને આ બાબતની માહિતી મળી છે કે, કેન્દ્ર સરકારે જસ્ટિસ એએમ જોસેફના નામને મહત્વ આપ્યું નથી. જસ્ટિસ જોસેફે કેન્દ્રના ઉત્તરાખંડમાં રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરવાની ભલામણને ફગાવી દીધી હતી. વર્ષ ૨૦૧૬માં કેન્દ્ર સરકારે ઉત્તરાખંડમાં રાષ્ટ્રપતિ શાસન લાગૂ કર્યું હતું પરંતુ ઉત્તરાખંડ હાઈકોર્ટે ચીફ જસ્ટિસ કેએમ જોસેફે આ નિર્ણયને ફગાવી દીધો હતો. ત્યારબાદ રાજ્યમાં ફરીવાર કોંગ્રેસની સરકાર આવી ગઈ હતી. આ મુદ્દા ઉપર રાજકીય ઘમસાણની સ્થિતિ સર્જાઈ ગઈ છે. કેન્દ્ર સરકારે કોંગ્રેસના આક્ષેપોને ફગાવતા કહ્યું છે કે, જસ્ટિસ જોસેફના નામને પેન્ડિંગ રાખવાને લઈને તેમની પાસે મુદ્દા છે. કોલેજિયમે સુપ્રીમ કોર્ટમાં નિમણૂંક માટે પ્રાથમિકતા ક્રમમાં જસ્ટિસ જોસેફને પહેલા નંબરે અને મલ્હોત્રાને બીજા નંબર પર રાખીને ભલામણ કરી હતી. બીજી બાજુ કેન્દ્ર સરકારે ઈન્દુ મલ્હોત્રાના નામને મંજુરી આપી દીધી છે. જસ્ટિસ જોસેફના નામને પેન્ડિંગ રાખી દીધું છે. સુત્રોના કહેવા મુજબ કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં કોલેજિયમને કહ્યું છે કે,

અનુસંધાન પાના નં.૬

# અમદાવાદ રાજસ્થાન સંઘના આંગણે અભયકુમારનો ભવ્ય દિક્ષા મહોત્સવ

ડીસા

અમદાવાદના આંગણે શ્રી રાજસ્થાન સ્થાનકવાસી સંઘ અને શ્રી સાધુમાર્ગી શાન્તક્રાન્તિ જૈન શ્રાવક સંઘ, શાહીબાગના ઉપક્રમે સમતાવિભૂતિ આચાર્ય પ્રવર શ્રી નાનેશજી અને શાસનશણગાર પૂ.આ. શ્રી વિજયરાજજી મ.સા. ની આજ્ઞા અને આશીર્વાદથી સ્થવિર પ્રમુખ મુનિશ્રેષ્ઠ શ્રી પ્રેમચંદજી મ.સા. ની નિશ્રા અને શાસન પ્રભાવિકા પૂ. વિદુષીશ્રી સ્વર્ણપ્રભાશ્રીજી ડૉ.ચિન્મયશ્રીજી મ.આદિ પૂ.સાધુ સાધ્વીજી વિશાળ વૃન્દની ઉપસ્થિતિમાં અમદાવાદ નિવાસી રમેશભાઈ અને ધનુદેવીના લાડકવાયા સુપુત્રી અભયકુમાર ઉ.વ.૨૪, સી.એ., તા. ૨૭/૪/૨૦૧૮, શુક્રવાર સવારના શ્રી સરદાર પટેલ રાષ્ટ્રીય સ્મારક શાહીબાગમાં જૈન ભાગવતી પ્રવજ્યા અંગીકાર કરશે.



દિલ્હી દરવાજા પાસે શ્રી રાજસ્થાન સ્થાનકવાસી સંઘમાં વ્યાખ્યાનવાણીનો શ્રાવક-શ્રાવિકાઓ સુંદર લાભ લઈ રહ્યા છે.પ.રત્ન પૂ.શ્રી પ્રેમચંદજી મ.શ્રી જિતેશમુનિ, શ્રી મુકેશમુનિ અને શ્રી વિશ્વાસમુનિ સંયમમાર્ગની મહત્વતા સમજાવતા સદષ્ટાંત- પ્રવચનો ફરમાવી રહ્યા છે. તા. ૨૨ થી ૨૭ એપ્રિલના આ મહોત્સવમાં તા. ૨, મંગલગાન શ્રી પારસ મહિલા મંડળ, તા. ૨૫. મહેંદી મહોત્સવ, તા. ૨૬ ના ગુરૂવાર સવારના ૮.૦૦ કલાકે શોભાયાત્રા ઉપકરણ અર્પણ બૃહદચોવીસી અને સાંજના ૭.૧૫ કલાકે સંધ્યા ભક્તિ અને અભિનંદન સમારોહ તથા તા. ૨૭ શુક્રવાર સવારના ૧૦.૧૫ કલાકે દિક્ષા વિધિનો મંગલ પ્રારંભ થશે. જેમાં મેયર વિધાયક, આઈ.જી., ડી.આઈ.જી., શહેર પ્રમુખ વગેરે અગ્રણીઓ પધારશે.

મહોત્સવની સફળતાને માટે શ્રી રાજસ્થાન સંઘ શ્રી સ્થા. જૈન મેવાડ સંઘ, શ્રી અ.ભા. સાધુમાર્ગી સંઘ, શ્રી શાન્ત ક્રાન્તિ શ્રાવક સંઘ, શ્રી પારસ મહિલા મંડળ, શ્રી રાજ.સ્થા. યુવક સંઘ, શ્રી જૈન યુવક સંઘ(રાજ.)તથા શ્રી સંઘના ટ્રસ્ટીઓ અને દિક્ષાર્થી પરિવારના સભ્યો ખુબ જ પ્રયત્નો દ્વારા રોજના કાર્યક્રમોને સફળ બનાવી રહ્યા છે.

# પ્રાર્થના પ્રાયમરી સ્કૂલ ખાણોદરમાં ધો-૮નો વિદાય સમારંભ તથા વાર્ષિકોત્સવ ઉજવાયો



નવિન દોશી

પ્રતિ. મીઠી પાલડી

પાલડી (મીઠી) વિસ્તારમાં શિક્ષણના અજવાળા પાથરતી શ્રી પ્રાર્થના પ્રાયમરી સ્કૂલમાં તા.૨૩/૪/૨૦૧૮ ના રોજ ધો.-૮ નો વિદાય સમારંભ તથા શાળાનો વાર્ષિકોત્સવ ધારાસભ્ય શીવાભાઈ ભુરીયાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો. ગામ રાંટીલાના સંત શ્રી વાલજીબાપુની નિશ્રામાં અને દિયોદર તાલુકાના ટી.પી.ઓ પ્રકાશભાઈના મુખ્ય મહેમાન પદે યોજાયેલ કાર્યક્રમમાં પ્રકાશભાઈ શાહ (અમીઝરા ડેવલોપર્સ), ખાણોદરના સરપંચ મોબતાજી ઠાકોર, શૈલેશભાઈ પઢિયાર (ક્રિષ્ના કુંવરબા સ્કૂલ) વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.પ્રાર્થના અને મહેમાનોના સ્વાગત બાદ શાળાના આચાર્ય જે.એમ.ગુર્જરે ધો.૮ ની વિદાય અને વાર્ષિકોત્સવ સંદર્ભે વક્તવ્ય આપતાં ટૂંકા સમયમા શાળાએ દર્શાવેલ પ્રગતિનો વિગતવાર અહેવાલ રજુ કર્યો હતો. આભાર દર્શન મેનેજીંગ ડીરેકટર મહેશ ભાઈ ડી. ચૌધરીએ કર્યું હતું સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષિકા ભાવનાબેન જોષીએ કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના સમગ્ર સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

# કોરીડોર બનાવવા માટે ઉંઝા અને મહેસાણા રેલ્વે સ્ટેશનને ખસેડવામાં આવશે

**ખોદકામ પુર્ણ થયા બાદ ટ્રેનના પાટા પાથરવાનું કામ શરૂ કરાશે**



અમદાવાદ

સરકાર દ્વારા ઉંઝા અને મહેસાણા રેલ્વે સ્ટેશનમાં સુવિધા આપવા અને કોરીડોર બનાવવા માટે રેલ્વે સ્ટેશનને શીફ્ટ કરાશે. પેસેન્જર્સની સુવિધા માટે દિલ્હી કનિદૈ લાકિઅ અને મુંબઇ વચ્ચે આવેલ ડેડીકેટેડ ફ્રેઇટ કોરીડોરને (DFC) મહેસાણા અને ઉંઝા રેલવે સ્ટેશને શિફ્ટ કરાશે. આ કોરિડોર બનાવવા માટે ઉંઝા રેલવે સ્ટેશનને કનિદૈ લાકિઅ ૧ કિમી અકિલા અમદાવાદ તરફ ખસેડવામાં આવશે, જ્યારે મહેસાણા સ્ટેશનને પશ્ચિમી દિશામાંથી પૂર્વ બાજુ તરફ ખસેડવામાં આવશે. ઉલ્લેખનીય છે કે કનિદૈ લાકિઅ ઉંઝા સ્ટેશને ડીએફસી સુવિધાની જરૂર છે ત્યારે તંત્રએ આખું સ્ટેશન જ અન્ય વિસ્તારમાં અકીલા ખસેડવાનું નક્કી કર્યું છે. અધિકારીઓએ કહ્યું કે ખોદકામ કનિદૈ લાકિઅ પૂર્ણ થવા જ આવ્યું છે, એક વખત ખોદકામ પૂરું થઇ જશે એટલે ટ્રેનના પાટા પાથરવાનું કામ શરૂ કરી દેવામાં આવશે. કાલુપુર રેલવે સ્ટેશને ભીડ ઓછી કનિદૈ લાકિઅ થાય અને માલગાડી તરત પસાર થઇ શકે તે માટે ગેરાટપુરથી સાણંદ વિશિષ્ટ લાઇન નાખવા માટે અમદાવાદ ડિવિઝન તરફથી મંજૂરી મળી ગઇ છે. અધિકારીઓએ કહ્યું કનિદૈ લાકિઅ કે દરરોજ કાલુપુર રેલવે સ્ટેશનેથી ૧૪૫ ટ્રેન પસાર થાય છે. પેસેન્જર ટ્રેઈનને પ્રાથમિકતા આપવા આવતી હોવાથી મલગાડીને યાર્ડમાં રાહ જોવી પડે છે. કનિદૈ લાકિઅ જો કે બનાવવામાં આવનાર આ વિશિષ્ટ લાઇન માલગાડીને સીધી સાણંદ લઇ જઇ શકાશે જ્યાંથી તેઓ ડીએફસી લાઇન જોડે કનેક્ટ થશે અને દિલ્હી તરફ આગળ વધી શકશે. કનિદૈ લાકિઅ સૌરાષ્ટ્ર બાજુ જતી માલગાડી સાણંદથી વિરમગામ-સુરેન્દ્રનગર લાઇન સાથે કનેક્ટ થશે.

# સિને-સરિતા

શુક્રવાર ★ તા.૨૭-૦૪-૨૦૧૮




## મૌની રોય ફિલ્મોમાં કેરિયર બનાવવા માટે સંપૂર્ણ તૈયાર



મૌની રોય હાલમાં ગોલ્ડ ફિલ્મને લઈને ખુબ વ્યસ્ત છે. આ ફિલ્મ હાથ લાગતા ખુબસુરત મૌની રોય ખુબ આશાવાદી છે. મૌની રોયને બીજી કેટલીક ફિલ્મો પણ હાથ લાગી છે. તે બોલિવુડ કેરિયરને લઈને આશાવાદી છે. આ ફિલ્મ ૧૫મી ઓગષ્ટ ૨૦૧૮ના દિવસે રજૂ કરાશે. અક્ષય કુમારે ફિલ્મના સંબંધમાં માહિતી આપતા કહ્યુ છે કે આ ફિલ્મમાં તે હોકી ખેલાડી તરીકેની ભૂમિકા અદા કરી રહ્યો નથી. હોકી ખેલાડીની ભૂમિકાની તૈયારી અંગે પુછવામાં આવતા અક્ષય કુમારે કહ્યુ હતુ કે મિડિયા પાસ કોઈ માહિતી આવી રહી છે. તે ફિલ્મમાં હોકી ખેલાડીની ભૂમિકામાં નથી. પોતાની આ ફિલ્મના પ્રથમ લુકને સોશિયલ મિડિયા પર રજૂ કરતા **અનુસંધાન પાના નં.૬ ઉપર**

## ઓમેર્તા




**નવી ફિલ્મ**

આ ફિલ્મના નિર્માતા નાહીદખાન, દિગ્દર્શક હંસલ મહેતા, કલાકારોમાં રાજકુમાર રાવ, સંગીત ઈશાન છાબરા.૨૦ એપ્રિલે રીલિઝ થયેલ આ ફિલ્મનું ટ્રેલર ૨.૨ મીનીટનું જોતાં જ એનું થ્રીલ આપણને જકડી લે છે. કાશ્મીરની વાત છે. એમાં ભારત વિરૂદ્ધ ચાલતી જેહાદની વાત છે. આતંકવાદી કેમ્પની વાત છે અને દિલધડક ચેઈઝ તથા બિલકુલ રીયલ લાગતી ઘટનાઓની હૈયું ધ્રુજાવી દે એવી રજુઆત છે. રાજકુમાર રાવના અભિનય વિશે હવે કશું કહેવાની જરૂર જ નથી.અહમદ ઓમર સઈદ શેખ તરીકે એ ફિલ્મમાં છવાઈ જાય છે. આખી ફિલ્મમાં એજ એક માત્ર કલાકાર હોય એવી લાગણી થઈ આવે.

ફિલ્મમાં ૧૯૯૪ માં પશ્ચિમી દેશોના નાગરીકોને ભારતમાંથી અપહરણ કરી જવાયા હતા. એ ઘટના કેન્દ્રમાં છે એમાં ઓમરની ધરપકડ થઈ હતી. ખાસ્સો સમય જેલમાં વિતાવ્યો હતો. એ પછી ૨૦૦૨ માં વોલ સ્ટ્રીટના પત્રકાર ડેનીયલ પર્લની હત્યાનું કાવતરૂં કરે છે. ફિલ્મ બિલકુલ રીયલ લાગે છે એટલે જ સતત જકડી રાખે છે અને હૈયું હચમચાવી જાય છે. દિગ્દર્શક હંસલ મહેતા કહે છે રાજકુમાર રાવને જોયા પછી જ આ ફિલ્મ બનાવવાનો વિચાર સ્વીકાર્યો. એના વગર ફિલ્મ બની જ ન શકી હોત. દિગ્દર્શકના કહેવા મુજબ એક આતંકવાદીનું ઝનુન, ધીરજ તીવ્રબુધ્ધિ, સતત નિયંત્રણમાં રહેતી લાગણી, વાકપટુતા એનું માનવીય સ્વરૂપ અને હત્યારાનું સ્વરૂપ એમ દરેક પાસું બતાવવાનો પ્રયાસ કર્યો છે એમાં મનોરંજન બિલકુલ નથી. એટલે કે મનોરંજનના શોખીનોને મજા નહીં આવે. બાકી એક જરૂર જોવા જેવી ફિલ્મ છે.

## હિંદી ફિલ્મી જગતના પ્રથમ સુપરસ્ટાર રાજેશ ખન્ના

**ફિલ્મી સિતારા**-કમલેશ કંસારા

પોતાની રૂમાની અંદાજ, સ્વાભાવિક અભિનય અને કામયાબ ફિલ્મોના લાંબા સીલસીલા પર આશરે દોઢ દશક સુધી સીનેપ્રેમીઓના દિલો પર રાજ કરનારો રાજેશખન્નાના રૂપમાં હિંદી ફિલ્મનો પ્રથમ સુપરસ્ટાર મળ્યો હતો.રાજેશખન્ના પોતાની લાક્ષણિક અદાથી પ્રેક્ષકો પર અભિનયનો જાદુ જાળવી રાખ્યો હતો. ૨૯ ડીસેમ્બર ૧૯૪૨ ના રોજ અમૃતસરમાં જન્મેલ જતીન ખન્ના, પાછળથી ફિલ્મી નામ રાજેશખન્નાથી મશહુર બનેલ. એમના અભિનય કેરીયરની શરૂઆત નિષ્ફળતા બાદ એટલી તેજીથી ઉંચાઈ પર ચઢવા માંડી કે એમણે કયારેય પાછળ ફરીને જોયું નથી. પરિવારની મરજી વિરૂદ્ધ અભિનય ક્ષેત્રે પોતાની કેરીયરની પસંદગી કરનાર રાજેશખન્નાને ૧૯૬૪ માં ૨૪ વર્ષની ઉંમરે `આખરી ખત ફિલમથી



સીનેમા જગતમાં કદમ રાખ્યા હતા. ત્યારબાદ રાઝ, બહારો કે સપને, ઔરતના રૂપમાં અનેક ફિલ્મો આવી પરંતુ બોક્સ ઓફિસ પર ખાસ સફળતા ના મળી.૧૯૬૯ માં આવેલ ફિલ્મ આરાધનામાં રાજેશખન્નાએ કેરીયરની ઉડાણ ભરી અને જોતજોતામાં તેઓ યુવા દિલની ધડકન બની ગયા. ફિલ્મમાં શર્મીલાટાગોર સાથેની એમની જોડી ખુબ જ પસંદ પડી અને તેઓ હિંદી ફિલ્મ જગતના પ્રથમ સુપર સ્ટાર બનીને પ્રશંસકોના દિલોદિમાગ પર છવાઈ ગયા. 'આરાધના' ફિલ્મ રાજેશખન્ના માટેકિસ્મતના દરવાજા ખોલી નાખ્યા ત્યારબાદ ચાર વરસોમાં લગાતાર ૧૫ સુપરહીટ ફિલ્મો આપીને સમકાલીન તથા આવનાર પેઢીના અભિનેતાઓ માટે એક મીલનો પથ્થર કાયમ કરી નાખ્યો.

૧૯૭૦ માં બનેલ ફિલ્મ સચ્ચા જુઠાને માટે એમને પ્રથમ વાર સર્વશ્રેષ્ઠ અભિનેતાનો 'ફિલ્મફેયર એવોર્ડ' આપવામાં આવ્યો હતો. ૧૯૭૧ માં રાજેશખન્નાના કેરીયરની સૌથી યાદગાર વર્ષ રહ્યું હતું એ વર્ષમાં એમણે 'કટીપતંગ, આનંદ અને આન મીલો સજના, મહેબુબ કી મહેંદી, હાથી મેરે સાથી, અંદાજ જેવી સુપરહીટ ફિલ્મોમાં અભિનય કર્યો હતો. દો રાસ્તે, દુશ્મન, બાવર્ચી, મેરે જીવનસાથી, જોરૂ કા ગુલામ, અનુરાગ, દાગ, નમક હરામ, હમશકલ જેવી હીટ ફિલ્મો દ્વારા એમણે બોકસ ઓફિસને કેટલાય વરસો સુધી છલકાયેલું રાખ્યું હતું. ભાવપૂર્ણ દ્રશ્યોમાં રાજેશખન્નાના સટીક અભિનયને આજે પણ જુની પેઢી યાદ કરે છે. આનંદ ફિલ્મમાં એમના સશકત અભિનય દ્વારા પ્રેક્ષકો દિગ્મુઢ બની ગયા હતા. રાજેશખન્નાને આનંદમાં યાદગાર અભિનય માટે ૧૯૭૧ ના વર્ષનો લગાતાર બીજી વાર સર્વશ્રેષ્ઠ અભિનેતાનો ફિલ્મ ફેયર એવોર્ડ પ્રાપ્ત થયો હતો. ત્રણ વર્ષ બાદ આવિષ્કાર ફિલ્મને માટે પણ આ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૦૫ માં એમણે ફિલ્મફેયર લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડ આપવામાં આવ્યો હતો. રાજેશખન્નાએ અનેક અભિનેત્રીઓ સાથે કામ કર્યું છે પરંતુ શર્મીલા ટાગોર અને મુમતાઝ સાથેની જોડીને પ્રેક્ષકોએ અપનાવી હતી.

રાજેશખન્નાએ શર્મિલા ટાગોર સાથે આરાધના, સફર, બદનામ, ફરીશ્તે, છોટી બહુ, અમરપ્રેમ, રાજા રાની અને આવિષ્કાર ફિલ્મોમાં કામ કર્યું હતું. જ્યારે મુમતાઝ સાથે દો રાસ્તે, બંધન, સચ્ચા જુઠા, દુશ્મન, અપના દેશ, આપ કી કસમ, રોટી તથા પ્રેમકહાનીમાં અભિનય કર્યો હતો. સંગીતકાર આર.ડી.બર્મન અને ગાયક કિશોરકુમારની સાથે રાજેશખન્નાની જુગલબંધીએ અનેક ફિલ્મોમાં સુપરહીટ ગીત સંગીત આપ્યા હતા. આ ત્રણેય મિત્રો દ્વારા આશરે ૩૦ ફિલ્મોમાં એક સાથે કામ કર્યું હતું. કિશોરકુમારના અનેક ગીતો રાજેશખન્ના પર ફિલ્માવવામાં આવ્યા હતા. **અનુસંધાન પાના નં.૬ ઉપર**




★લોકપ્રિય ટેલી.અભિનેત્રી સોનમ લાંબા લોકપ્રિય શો રીશ્તાલીખેંગે હમ ન યાદ ના સ્ટાર કાસ્ટમાં જોડાવા માટે તૈયાર છે. સોનમે જાણીતા શો સાથે ટેલી.મનોરંજન ઉદ્યોગમાં પોતાનું નિશાન બનાવ્યું છે.

**ન્યુઝ સ્ટ્રીપ્સ**

સોનમે મીઠીદ નામના એક રસપ્રદ પાત્રની ભૂમિકા ભજવશે. જે વ્યવસાય દ્વારા કંદોઈ છે અને ખાદ્યાન્ન તહેવાર દરમિયાન રતનને સંયોગથી મળે છે દિયા અને રતનની ખીલતી લવ સ્ટોરીમાં મીઠીનો પ્રવેશ નવો ટવીસ્ટ લાવશે.મીઠી એક ચુલબુલી છોકરી છે જે તેની કારકીર્દી પર કેન્દ્રીત અને જીવનથી ભરેલી છે.મેં રોહીત સાથે તેની ઓનસ્ક્રીન બહેન તરીકે કામ કર્યું છે.તેઓ રમુજી છે અને તેમના કામમાં ખુબ સમર્પિત છે અને હું તેમની સાથે ફરીથી કામ કરવા માટે આતુર છું. તે જોવા રસપ્રદ રહેશે કે દર્શકો મારા નવા અવતારને કેવી રીતે પ્રતિસાદ આપે છે તે કહેવું પુરતું હશે કે મીઠી એક મહત્વપૂર્ણ ભાગ ભજવશે જે દિયા અને રતન વચ્ચેના સંબંધમાં ફેરફારો લાવી શકે છે.

★પ્રસિદ્ધ ડ્રામા શો પોરસ દ્વારા જીવંત ઈતિહાસ સ્થાપીત કરી દીધો છે અને તેના દરેક એપીસોડ દર્શકોના વિશાળ વર્ગનું ધ્યાન ખેંચવામાં તદન સફળ રહ્યા છે. આ શોમાં અજેય યોદ્ધા એલેકઝાન્ડર ગ્રેટની ભૂમિકા ભજવી રહેલા પ્રતિભાશાળી અભિનેતા રોહીત પુરોહીતે પોતાના આગામી ટ્રેક સાથે પોતાના અભિનયની શક્તિનો પરચો આપી દીધો છે. આગામી ટ્રેકમાં એલેકઝાન્ડર તેના ભાઈ ફીલીપના સમગ્ર પરિવારને ખતમ કરી નાખે છે જેથી રાજગાદીના એક માત્ર રાજા બની શકે છે પરંતુ તે એક તબક્કે ભાવનાત્મક છતાં આનંદી સ્થિતિમાં આવી જાય છે.એક દ્રશ્યમાં એલેકઝાન્ડરે એક બાળકની હત્યા કરવાની હોય છે પરંતુ તે આ નિર્દોષ બાળકની સહજતા જોઈને તેના પ્રેમહમાં પડી જાય છે તે બાળકનો મિત્ર બની જાય છે અને બંને એકબીજાની સાથે મિત્રો તરીકે ખુબ જ આનંદપુર્ણ અને મજાનો સમય વીતાવે છે. કોઈપણ બાળક સાથે શુટીંગ કરવું સહેલું કામ નથી અને તેમાં પણ જયારે એલેકઝાન્ડર જેવા પાત્રની ભૂમિકા ભજવતી વખતે બાળક સાથે કામ કરવાનું હોય તો તો ખુબ અઘરૂં છે. ઈકબાલખાન કાલભૈરવ રહસ્યમાં પાછો ફરશે.

★સ્ટાર ભારતનો શો કાલભૈરવ રહસ્ય ૯ શિવલીંગ પાછળનું રહસ્ય અને નમ્રતાના બ્લેકમેઈલર શેઠજીના રહસ્ય થકી દર્શકોને જકડી રાખી રહ્યો છે જેમાં ઈકબાલખાન, ઈન્દ્ર તરીકે રાહુલ શર્મા, રાહુલ તરીકે રાહુલ તરીકે, છવી પાંડે નમ્રતા તરીકે અને સરગુન કૌર ગૌરી તરીકે પ્રમુખ ભૂમિકાઓમાં છે.ઈકબાલનું પાત્ર ઈંદ્ર શરૂઆતના એપીસોડમાં જ મરી ગયેલું બતાવાયું છે.જોકે ઈકબાલખાન હવે કાલભૈરવ રહસ્યમાં શેઠજી તરીકે પાછો ફરતો જોવા મળશે. એવી વાત બહાર આવી કે તમામ હત્યાઓ પાછળનું અસલી કારણ નમ્રતા છે.તે પછી પણ કાલભૈરવ રહસ્ય હજી એક મોડની તૈયારીમાં છે. તેઓ હવે એ વાત છતી કરશે કે કાલ ભૈરવ રહસ્ય પાછળનું અસલી મગજ શેઠજીનું છે. ઈકબાલખાન આ ભૂમિકા માટે નકારાત્મક અંશો પડદા પર દેખાડશે. ઈકબાલનો આ શો અનોખો દેખવા માટે જોતા રહો કાલભૈરવ રહસ્ય સોમથી શનિ સાંજે ૭ વાગે ફકત સ્ટાર ભારત પર.

## આમીર ખાનની સાથે બીજી ફિલ્મ મળતા કેટરીના ખુશ



ખુબસુરત કેટરીના કેફ હાલમાં ખુબ જ ખુશ દેખાઈ રહી છે. કારણ કે તેને ધુમ ફિલ્મ બાદ આમીર ખાન સાથે બીજી ફિલ્મ મળી ગઈ છે. ઠગ્સ ઓફ હિન્દુસ્તાન નામની ફિલ્મ સાતમી નવેમ્બરના દિવસે રજૂ કરવામાં આવનાર છે. આ ફિલ્મનુ શુટિંગ હાલમાં ચાલી રહ્યુ છે. આમીર અને અમિતાભ બચ્ચનની મુખ્ય ભૂમિકા છે. જ્યારે શાહરૂખ ખાન મહેમાન કલાકાર તરીકે છે. ઠગ્સ ઓફ હિન્દુસ્તાન નામની ફિલ્મ પર કામ શરૂ કરવામાં આવી ચુક્યુ છે. આમીર ખાન અને અમિતાભ બચ્ચન અભિનિત આ ફિલ્મ હોવાથી તમામ ચાહક વર્ગમાં આની ચર્ચા જોવા મળી રહી છે. મોટા બેનરની આ ફિલ્મને હાંસલ કરવા માટે તમામ ટોપની અભિનેત્રીઓ વચ્ચે સ્પર્ધા ચાલી રહી હતી. આખરે કેટરીના કેફે બાજી મારી હતી.માર્ચ મહિનામાં આ ફિલ્મ પર કામ શરૂ કરવામાં આવ્યુ હતુ. યશરાજ બેનરની ફિલ્મ હોવાના કારણે ફિલ્મમાં તમામ સારી બાબતોને ઉમેરી દેવામાં આવનાર છે.

ઠગ્સ ઓફ હિન્દુસ્તાનમાં આમીર ખાન અને અમિતાભ બચ્ચનની પસંદગી કરવામાં આવ્યા બાદ આલિયા ભટ્ટના નામ પર સૌથી પહેલા ચર્ચા કરવામાં આવી હતી. આલિયાને ફિલ્મમાં લેવાના મુદ્દે આમીર ખાન અને ફિલ્મ નિર્માતા આદિત્ય ચોપડાની વચ્ચે ચર્ચા થઈ હતી. આમીરે ભારપૂર્વક કહ્યુ હતુ કે ફિલ્મમાં આલિયા ભટ્ટને જ લેવામાં આવે. જ્યારે આદિત્ય બેફિકરે ફિલ્મની અભિનેત્રી વાણી કપુરને ફિલ્મમાં લેવા માટેનો નિર્ણય કરી ચુક્યા હતા. મોડેથી જાણવા મળ્યુ કે આલિયા પાસે તો સમય નથી. વાણીના નામ પર પણ વિરામ મુકાઈ જતા આખરે કેટરીના કેફને લેવામાં આવી હતી. કેટરીનાની કેરિયર ફરી એકવાર તેજીમાં આવી ગઈ છે. કારણ કે તેની સલમાન ખાન સાથેની છેલ્લી ફિલ્મ ટાઈગર જિન્દા હે બોક્સ ઓફિસ પર રેકોર્ડ સફળતા મેળવી ગઈ હતી. કેટરીના કેફ ધુમ સિરિઝની છેલ્લી ફિલ્મમાં આમીર ખાનની સાથે દેખાઈ હતી. જે રેકોર્ડ સફળતા હાંસલ કરી ગઈ હતી.

## અદિતિ રાવ હૈદરી દાસ દેવ નામની ફિલ્મમાં નજરે પડશે



**ઓન ધ સ્ક્રીન**

બોલિવુડમાં અનેક પ્રકારની ભૂમિકા કરીને તમામને પ્રભાવિત કરનાર આશાસ્પદ સ્ટાર અદિતિ રાવ હૈદરી હવે નવી ફિલ્મમાં કામ કરી ચુકી છે. જે હવે રજૂઆત થવા જઈ રહી છે. અદિતી રાવ સપના જોવામાં અને તેને સાકાર કરવામાં વિશ્વાસ રાખે છે. પોતાના સાત વર્ષના કેરિયરમાં અદિતિ રાવ હૈદરીએ લાંબી મંજિલ કાપી છે. સહાયક અભિનેત્રીથી લઈને ફિલ્મોમાં મહત્વપૂર્ણ રોલ અદા કર્યા છે. હાલમાં અદિતિ રાવ સુધીર મિશ્રાની ફિલ્મ દાસ દેવમાં મોડર્ન ચન્દ્રમુખીની ભૂમિકા અદા કરી રહી છે.`નુ કહેવુ છે કે ફિલ્મના પ્રમોશનની કામગીરી જોરદાર રીતે ચાલી રહી છે. તેનુ કહેવુ છે કે ફિલ્મનુ શુટિંગ બે વર્ષ પહેલા જ કરી લેવામાં આવ્યુ હતુ. તે સુધીર માટે આ ફિલ્મની રાહ છેલ્લા કેટલાક સમયથી જોઈ રહી હતી. સુધીર હમેંશા શાનદાર ફિલ્મ બનાવે છે. સુધીર વારંવાર ફિલ્મ બનાવતા નથી.

દાસ દેવની રજૂઆતની તારીખ અનેક વખત ટળી ગઈ છે. દરેક વખત ફિલ્મ રજૂ થવાની હોય છે ત્યારે કોઈને કોઈ કારણસર ફિલ્મની રજૂઆત ટળી જાય છે. દરેક વખત આના માટેના જુદા જુદા કારણો હોય છે. આ વખતે ફિલ્મની રજૂઆત ટળી જવા માટેનુ કારણ એ છે કે ૨૦મી એપ્રિલના દિવસે એક સાથે કેટલીક ફિલ્મો રજૂ થઈ હતી. જેથી તેની રજૂઆતની તારીખ ફરી ટાળી દેવામાં આવી છે. આ ફિલ્મમાં કેટલાક લોકોની મહેનત લાગેલી છે. જેથી ફિલ્મની રજૂઆત ટળે છે ત્યારે દુખ થાય છે. તેમની મહેનત પડદા પર આવતા વિલંબ થઈ રહ્યો છે. ચાંદનીની ભૂમિકા નેગેટિવ છે કે કેમ તે અંગે પુછવામાં આવતા અદિતી રાવે કહ્યુ છે કે આ નેગેટિવ રોલ નથી પરંતુ એવી યુવતિની પટકથા છે જે જેને ખાનગી રીતે કોઈ પણ વ્યક્તિ ઓળખે છે. જો કે જાહેરમાં તેને કોઈ સ્વીકાર કરવા માટે તૈયાર નથી.

## હવે રિતિક રોશન સુપર ૩૦ બાદ વધુ વ્યસ્ત હશે : રિપોર્ટ



બોલિવુડ સ્ટાર રિતિક રોશન હાલના દિવસોમાં ગણિત નિષ્ણાંત આનંદ કુમારની લાઈફ પર બની રહેલી ફિલ્મમાં કામ કરી રહ્યો છે. બાયોપિક સુપર-૩- નામની ફિલ્મનુ શુટિંગ પૂર્ણ કરી લીધા બાદ તેની પાસે કેટલાક નવા પ્રોજેક્ટ રહેલા છે તેના પર કામ કરનાર છે. ત્યારબાદ તે ટાઈગર શ્રોફ અને વાણી કપુર અભિનિત એક ફિલ્મનુ શુટિંગ પણ કરનાર છે. આ ફિલ્મનુ નામ હજુ સુધી જાહેર કરવામાં આવ્યુ નથી. પરંતુ આ ફિલ્મ એક્શનથી ભરપુર ફિલ્મ રહેશે. ટાઈગર શ્રોફ રિતિક રોશનના મોટા ચાહક તરીકે છે અને હવે તેને રિતિક રોશન સાથે કામ કરવાની તક મળી ગઈ છે. હાલના રિપોર્ટ પર વિશ્વાસ કરવામાં આવે તો બે ફિલ્મો બાદ રિતિક રોશન બીજા નવા પ્રોજેક્ટ પર કામ કરનાર છે. જેમાં પ્રથમ ફિલ્મ નિર્દેશક રાજકુમાર ગુપ્તાની સ્પાઈ થ્રીલર ફિલ્મ છે. જે એક રો એજન્ટની વાસ્તવિક ઘટના પર આધારિત છે. આ ફિલ્મમાં રિતિક રોશનની સાથે અર્જુન કપુર પણ કામ કરનાર છે. અદ્દે નોંધનીય છે કે રાજકુમારની છેલ્લી ફિલ્મ રેડ હતી. જે ફિલ્મની ચાહકો અને ટિકા-કારો દ્વારા પ્રશંસા કરવામાં આવી હતી. આ ઉપરાંત રિતિક રોશન બીજા પ્રોજેક્ટ પર પણ કામ કરી રહ્યો છે. જેમાં વરૂણ ધવનના ભાઈ રોહિત ધવન કામ કરશે. અત્રે નોંધનીય છે કે રોહિતે અગાઉ અક્ષય કુમાર અને જહોન અબ્રાહમ અભિનિત ફિલ્મ દેશી બોયજનુ નિર્દેશન કર્યુ હતુ. રતિક રોશન પહેલા ટાઈગરની સાથે પોતાની ફિલ્મને પૂર્ણ કરશે. ત્યારબાદ રાજકુમાર અથવા તો રોહિતની ફિલ્મમાં કામ શરૂ કરશે. આ બાબતની સંભાવના છે કે આ બન્ને ફિલ્મોમાં રિતિક પહેલા એક જ પ્રોજેક્ટ પર કામ કરશે. આ ઉપરાંત તે કૃષ-૪ ફિલ્મમાં પણ કામ કરી રહ્યો છે. રાકેશ રોશનની ફિલ્મ કૃષ-૪ ફિલ્મ વર્ષ ૨૦૨૦માં રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે.

**સીને**

**બીહાઈન્ડ ધ સ્ક્રીન**

## જ્હાન્વી-ખુશીને વેકેશન પર લઈ જવા અર્જુન કપૂર તૈયાર



બોલિવુડ એક્ટર અર્જુન કપૂરે પોતાની ત્રણેય બહેનો અંશુલા, જ્હાન્વી અને ખુશી કપૂર સાથે વેકેશન પર જવાનો પ્લાન બનાવ્યો છે. ચારેય ભાઈ-બહેન લંડનમાં સાથે સમય વિતાવશે અને એકબીજાને વધુ સારી રીતે ઓળખવાનો પ્રયાસ પણ કરશે. અર્જુન કપૂર અત્યારે ફિલ્મ નમસ્તે ઈંગ્લેન્ડના શૂટિંગમાં વ્યસ્ત છે. આ ફિલ્મનું શૂટિંગ પત્યા બાદ અર્જુન ત્રણેય બહેનો સાથે ટ્રિપ પર જશે. કહેવાય છે કે સોનમ કપૂરના લગ્ન બાદ ટ્રિપ માટે લંડન રવાના થશે. સોનમે લંડનમાં ઘર ખરીદ્યું છે. માનવામાં આવી રહ્યું છે કે સોનમ પણ લગ્ન બાદ આનંદ આહુજા સાથે લંડન શિફ્ટ થઈ જશે. ગયા વર્ષે અર્જુન કપૂરને એક ઈંટરવ્યૂમાં સાવકી બહેનો સાથેના સંબંધ અંગે પૂછવામાં આવ્યું હતું. ત્યારે અર્જુને કહ્યું હતું કે, તે ખુશી અને જ્હાન્વીને કદી મળતા નથી અને વાત પણ કરતા નથી. એટલે બોન્ડિંગનો તો સવાલ જ નથી ઉઠતો. **અનુસંધાન પાના નં.૬ ઉપર**

## અમિતાભ અને ઋષિ લાંબા સમય બાદ જોડી જમાવશે



સદીના મહાનાયક અમિતાભ બચ્ચન અને ઋષિ કપૂર ૨૭ વર્ષ બાદ નિર્દેશક ઉમેશ શુક્લાની ફિલ્મ ૧૦૨ નોટઆઉટમાં સાથે જોવા મળશે. ફિલ્મના ટ્રેલર અને સામે આવેલા ગીતમાં બંનેની કેમેસ્ટ્રી ખુબ જ શાનદાર લાગી રહી છે. આ ફિલ્મ એક કોમેડી ડ્રામા છે જેમાં ઋષિ કપૂર એક ૭૫ વર્ષના વૃદ્ધના પુત્રના રોલમાં છે અને અમિતાભ બચ્ચન તેના ૧૦૨ વર્ષના પિતાની ભૂમિકામાં છે. મુંબઈમાં ફિલ્મનું એક ગીત લોંચ કરવામાં આવ્યું હતું. બોલીવુડ એક્ટર અમિતાભ બચ્ચન અને ઋષિ કપૂર લાંબા સમયે બાદ એકબીજા સાથે સ્કીન શેર કરતા જોવા મળશે. બંન્ને જલ્દી રિલીઝ થનારી ફિલ્મ '૧૦૨ નોટ આઉટ'માં નજરે પડશે. આ ફિલ્મમાં અમિતાભ બચ્ચન ૧૦૨ વર્ષની વ્યક્તિની ભૂમિકામાં દેખાશે તો ઋષિ કપૂર ૭૫ વર્ષના પુત્રની ભૂમિકામાં જોવા મળશે. ફિલ્મમાં બિગ બીનો અલગ અંદાજ જોવા મળશે. મહત્વનું છે કે

**કરોડોની...**

**પાના નં.૧ ચાલુ**

જેમાં તેમણે જણાવ્યું છે કે, છેલ્લા બે વર્ષ ઉપરાંતથી નગરપાલિકામાં આશરે નવ સાધારણ સભાઓ થયેલી છે. જેમાં ઈન્ચાર્જ પ્રમુખની સભાને બાદ કરતાં કોઇ ચર્ચા કર્યા વિના માત્ર બે જ મિનીટમાં પુરી કરવામાં આવી છે. અને લોકશાહીનું ખુન કરેલ છે. સરકાર દ્વારા પાલિકામાં કરોડો રૂપિયાની વિકાસની ગ્રાંટો આવ્યા છતાં શહેરમાં કોઇ જ વિકાસ જણાઇ આવતો નથી. અમારા અનુસૂચિત જાતિના વિસ્તારમાં ઈરાદાપૂર્વક ગ્રાંટ ફાળવવામાં આવી નથી. જેથી માહિતી ત્રણ દિવસમાં નહી મળે તો પાલિકાના પરિસરમાં અનસન ઉપર બેસવાની ફરજ પડશે. જેની જવાબદારી પ્રમુખ અને ચિફ ઓફિસરની રહેશે. સદસ્યાની આ ચિમકીના પગલે પાલનપુર નગર પાલિકા વર્તુળમાં ચકચાર મચી જવા પામી છે.

**ભાભર...**

**પાના નં.૧ ચાલુ**

જે બાદ જયારે તેઓ ભાભર પોલીસ મથકે ફરિયાદ નોંધવા ગયા ત્યારે પોલીસે તેમની ફરિયાદ લીધી નહી. જે ઉપરાંત મોડી રાત સુધી બેસાડી મહિલાને અલગ રૂમમાં લઈ જઈ શારીરિક અડપલા કર્યા. જે મામલે પીડિત મહિલાએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પીટીશન દાખલ રી હતી. જે મામલે કોર્ટે ચુકાદો આપ્યો કે જે પ્રકારે મહિલાના આક્ષેપ છે તે બાબતે તપાસ કરી જો તેના આરોપોમાં તથ્ય મળે તો પોલીસકર્મીઓ સામે ફરિયાદ દાખલ કરવા આદેશ કર્યો છે. જેને પગલે આજે પીડિત મહિલા પાલનપુર ખાતે જીલ્લા પોલીસ અધિક્ષકને ગુજરાત હાઈકોર્ટના આદેશ મામલે યોગ્ય તપાસ થાય તે માટે રજૂઆત કરવા માટે આવી હતી.

અત્યારે તો સમગ્ર મામલે જીલ્લા પોલીસ અધિક્ષકને કોર્ટે તપાસના આદેશ આપ્યા છે. જો તેમાં કોઈ તથ્ય જણાય તો પીડિતાના આરોપ મુજબ પોલીસકર્મીઓ સામે ફરિયાદ નોંધવા પણ નામદાર કોર્ટે આદેશ કર્યો છે. પોલીસ વિભાગ આ મામલે કઈ પણ કહેવાનો ઈન્કાર કરી રહ્યો છે, ત્યારે જોવાનું એ રહેશે આખરે પોલીસકર્મીઓ સામે થયેલા આક્ષેપોમાં તપાસમાં શું બહાર આવે છે. પીડિત મહિલાના આક્ષેપો સાચા ઠરે છે કે પછી પોલીસ કુલડીમાં જ ગોળ ભાંગી સમગ્ર કેશને પોટલામાં ચડાવી પૂર્ણ કરે છે. જોવાનું એ રહેશે કે પોલીસ તપાસમાં શું બહાર આવે છે.

**બનાસકાંઠામાં ...**

**પાના નં.૧ ચાલુ**

જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ કડક વલણ અપનાવ્યું છે. ઈ્ઈ ના કાયદા મુજબ પ્રાથમિક શાળાના બાળકો પર અત્યાચાર કે માર મારવો પ્રતિબંધિત છે. તેમ છતાં જીલ્લાના કેટલાક શિક્ષકો નિયમ વિરુધ્ધ જઈ બાળકો પર અત્યાચાર ગુજારે છે. જે બાબતની ગંભીરતા થી લઈ ચાર શિક્ષકોને ઈ્ઈ ના કાયદાના ભંગ બદલ દરેક દોષી શિક્ષકને ૧૦ હજાર રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે.

જે પ્રકારે જીલ્લામાં બાળકો પર અત્યાચારની ઘટનાની સંખ્યા વધી રહી છે તેને લઈ જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કડક વલણ અપનાવ્યું છે. જીલ્લાના તમામ શિક્ષકો માટે પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. જેમાં કોઈપણ બાળકને શાળાના સમય દરમ્યાન હાથ ઉપાડવો નહી. તે માટે તમામ તાલુકા શિક્ષણાધિકારી ને લેખિત અને મૌખિક સુચના આપવામાં આવી છે. જેથી બાળકો પર અત્યાચાર ઓછા થઇ શકે તેવું ડી.પી.ઈ.ઓ ડો. દીપક દરજીએ જણાવ્યું હતું.

સરકાર દ્વારા બાળકોને પ્રેમ અને હુંફ થી શિક્ષણ મળે તે માટે અનેક કાયદાઓ બનાવવામાં આવ્યા છે. પરંતુ શિક્ષકો તે કાયદાને પણ ઘોળી પી જાય છે. તેનું જ પરિણામ છે કે બનાસકાંઠા જીલ્લામાં છેલ્લા ત્રણ માસમાં ચાર બાળકો પરના અત્યાચાર સામે આવ્યા છે. ત્યારે જોવાનું એ રહેશે કે જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ની દંડાત્મક કાર્યવાહી શિક્ષકો પર કેટલી કારગર સાબિત થાય છે.

**ડીસાના કરિયાણા...**

**પાના નં.૧ ચાલુ**

જે દરમિયાન તિરૂપતિ કપાસીયા તેલના છુટા સ્ટીકર મળી આવ્યા હતા. આથી દુકાનદાર નકલી તેલ ઉપર બ્રાન્ડેડ કંપનીના સ્ટીકર મારી તેલનું વેચાણ કરતો હોવાની શંકાના આધારે ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગે સ્ટીકર તથા તેલના સેમ્પલ કબ્જે લઈ વધુ તપાસ હાથ ધરી હતી. આ તપાસને લઈ શહેરમાં અન્ય ભેળસેળીયા વેપારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.

**ભારતમાં હાલ...**

**અનુસંધાન ૨ નુ ચાલુ..**

૩૧મી માર્ચ ૨૦૨૦ સુધી માનવરહિત રેલવે ક્રોસિંગ ખતમ કરી દેવામાં આવશે. અકસ્માતો ન થાય તે માટે માનવરહિત રેલવે ક્રોસિંગ ઉપર ગેટ મિત્રો તૈનાત કરવામાં આવ્યા છે. રેલવે દ્વારા જુદી રીતે નાણા આપવાની જાહેરાત કરી છે. દેશમાં માનવરહિત રેલવે ક્રોસિંગની સંખ્યાની વાત કરવામાં આવે તો ૭૫૫૦ રેલવે ક્રોસિંગ આવેલા છે. ૨૦૧૬-૧૭માં માનવરહિત રેલવે ક્રોસિંગ પર ૪૦ અકસ્માતો સર્જાયા હતા.

એપ્રિલ ૨૦૧૭ સુધીના આંકડા ઉપર નજર કરાવામાં આવે તો છેલ્લા પાંચ વર્ષના ગાળામાં ૬૧૬૯ માનવરહિત રેલવે ક્રોસિંગ દૂર કરવામાં આવી ચુક્યા છે. આ કામગીરી ખુબ ઝડપથી ચાલી રહી છે. બ્રોડગેજ ઉપર દેશભરમાં ૩૪૭૯ માનવરહિત રેલવે ક્રોસિંગને ઝડપથી દૂર કરવામાં આવનાર છે.

**જજના નામો...**

**અનુસંધાન ૨ નુ ચાલુ..**

જસ્ટિસ જોસેફને સુપ્રીમ કોર્ટના નિમણૂંક કરવાની પોતાની ભલામણ ઉપર ફરી વિચારણા કરે. બીજી બાજુ સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, જજના નામ ઉપર ફેર વિચારણા કરવા માટે મોકલવાનો કેન્દ્રનો અધિકાર છે. કોંગ્રેસ પાર્ટીએ તીવ્ર આક્ષેપો કર્યા છે. સુપ્રીમ કોર્ટનું કહેવું છે કે, સરકાર જજના નામને પરત મોકલવાનો સંપૂર્ણપણે અધિકાર ધરાવે છે. વિવાદો હાલ અકબંધ રહે તેવી સંભાવના છે.

**દીઓદરમાં રૂર્બન...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

તેમાં ૮૦૦૦ તળાવો ઉંડા કરવાના સંકલ્પ સાથે ૩૪ નદીઓ અને નર્મદા નહેરની સફાઈ કામગીરી, ચેકડેમો અને ખેત તલાવડી સહિત અનેક કાર્યક્રમો હાથ ધર્યા છે. આ અભિયાનમાં સામાજિક, ધાર્મિક સંસ્થાઓ ભાજપ સંગઠન અને ગુજરાત સરકાર ભરઉનાળામાં જળ સંગ્રહના સેવા કાર્યમાં જોડાઈ રહ્યા છે. ભરત પંડ્યાએ એમ પણ કહ્યું હતું કે, કોંગ્રેસ પાસે નિષ્ફળ નેતૃત્વ, નડતરની નીતિ અને અપ્રચાર દ્વારા અરાજકતા ફેલાવવાની તેમજ વર્ગ-વિગ્રહ કરવાની નીતિ છે. નર્મદા યોજનામાં હંમેશા નડતરરુપ કોંગ્રેસ પાર્ટીને નૈતિકરીતે પાણી વિશે વાત કરવાનો કોઇ અધિકાર નથી. કોંગ્રેસના શાસનમાં એક ટાંકી નંખાવી હોય તો અઘરુ પડતું હતું. તેમના મુખ્યમંત્રી ટાંકીઓનું ઉદ્‌ઘાટન કરતા હતા જયારે ભાજપના શાસનમાં ૧૦૮૫ જેટલા તળાવો, સુઝલામ સુફલામ, સૌની યોજના, સાબરમતી નદીમાં નર્મદાનું પાણી નાંખવામાં આવ્યું છે. તમામ ઐતિહાસિક કાર્યો જનતાએ જોયા છે. ભરત પંડ્યાએ પરોક્ષરીતે કોંગ્રેસ ઉપર પ્રહારો કર્યા હતા. કોંગ્રેસના સમયમાં ૧૮૩૫૬ ચેક ડેમ હતા. આજે આ સંખ્યા ૧૬૮૮૯૫ થઇ છે.

**ત્રિવેદી તપાસ...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

એટલું જ નહી, રાજ્ય સરકાર શું કરવા માંગે છે અથવા તો એકશન ટેકન રિપોર્ટ અને સરકારના પગલાં અંગે પણ સ્પષ્ટતા કરવામાં આવશે. જૂલાઇ-૨૦૦૮માં દિપેશ-અભિષેકના મળી આવેલા મૃતદેહની વિકૃત સ્થિતિ જોઇ તેમના પરિવારજનોએ આસારામ અને આશ્રમ સત્તાવાળાઓ પર તંત્ર-મંત્ર વિદ્યા માટે બંને નિર્દોષ બાળકોની હત્યા કરાઇ હોવા સહિતના ગંભીર આક્ષેપો કર્યા હતા.

**લાલપુર ગામે...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

લોકોએ પ્લોટ, મકાન તેમજ બી.પી.એલ.માંથી નામ કમી થઈ ગયા છે. જે સાચા લાભાર્થીઓ બી.પી.એલ.માં જોડવા રજુઆત થઈ હતી. આ કાર્યક્રમમાં રતનપુરી બાપજી, બાબુભાઈ મેમણ, હેમુજી ઠાકોર, બળવંતભાઈ ઠાકોર, નાગજીભાઈ ઠાકોર વગેરે અગ્રણીઓ હાજર રહ્યા હતા.

**નોટબંધી બાદ...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

અભાવે કલીયર થતા નથી અને જે ચેકો કલીયર થાય છે તો તેના પૈસા ઉપડતા નથી જિલ્લાભરની બેંકોની વર્તાઈ રહેલી રોકડ નાંણાની અછતના કારણે લોકોના વ્યવહાર અટવાઈ ગયા છે બેન્કમાં લોકોનું પૈસા (થાપણ) હોવા છતાં બેંક પણ આપી શકતી નથી ત્યારે પ્રજાજનો પણ લાચાર બની ગયા છે. ખેડૂતોએ વેચેલો માલના પણ પૈસા આવતા નથી તો બીજી તરફ લગ્નોની સિઝન ચાલતી હોવાથી અનેક લોકો રોકડ નાંણાની અછતના પગલે અટવાઈ ગયા છે ત્યારે ભારતીય રીઝર્વ બેંન્કમાંથી ભારત સરકાર આ બાબતે યોગ્ય પગલા લઈ સત્વરે લોકોની મુશ્કેલીઓ દૂર કરવા માંગ ઉઠી છે.

**બનાસકાંઠામાં ..**

**પાના નં.૮ ચાલુ**

થઈ શક્યા છે. જેના કારણે બેરોજગાર યુવકોને મોટા પ્રમાણમાં રોજગારી મળવાના સરકારના દાવા પોકળ સાબિત થયા છે. સરકારે કરેલી છેલ્લી ૮ વાઈબ્રન્ટ સમિટમાં બનાસકાંઠા જિલ્લામાં કુલ ૫૩૯ ઉદ્યોગો સ્થાપવા એમઓયુ કર્યા હતા. જો કે છેલ્લા દસ વર્ષમાં માત્ર ગણ્યાગાંઠ્યા એગ્રોબેઝ ઉદ્યોગ જ જિલ્લામાં શરૂ થયા છે. જો કે સરકારી આંકડામાં એમઓયુ કરનાર ૫૦ ટકા ઉદ્યોગકારોએ પોતાના એકમ શરૂ કર્યા હોવાનું જણાવે છે. પરંતુ હકીકત જુદી છે. બનાસકાંઠામાં કુલ ૫૩૯ એમઓયુ થયા હતા. જેમાં ૩૦ હજારથી વધુ લોકોની રોજગારી આપવાની તૈયારી દર્શાવી હતી. પરંતુ હાલમાં પણ બનાસકાંઠા જિલ્લામાં બેરોજગારોનો આંકડો દિનપ્રતિદિન વધતો જાય છે. જિલ્લામાં હાલ સરકારી ચોપડે નોંધાયેલા ૧૬,૨૯૫ થી વધુ બેરોજગાર છે. આ સિવાય બેરોજગારોની સંખ્યા ચાર ગણી કહી શકાય. જિલ્લા રોજગાર કચેરીમાં નોંધાયેલ બેરોજગારના આંકડા ૧૬ હજાર નોંધાયા હોવાનું રોજગાર અધિકારીએ એચ.એચ. ગઢવીએ જણાવ્યું હતું.

ઉદ્યોગો શરૂ થવા પાછળ ઉદ્યોગકારો સરકારની કેટલીક નીતિઓ તેમજ સ્કિલ્ડ મેન- પાવર ન મળવાના કારણે માત્ર એગ્રો બેજ સિવાયના અન્ય કોઈપણ પ્રકારના યુનિટ જિલ્લામાં શરૂ થઈ શકે તેમ નથી. સાથે જિલ્લામાં અનેક પ્રકારની સમસ્યાઓ હોવાના કારણે ઉદ્યોગકારો પોતાનો ઉદ્યોગ સ્થાપવા તૈયાર ન પણ હોય તેવું ચંડીસર જી.આઈ.ડી.સી.ના ચેરમેન ચંદ્રકાન્ત પાધ્યાયએ જણાવ્યું હતું. જો કે ઉદ્યોગ લાવવા અને હાલની જી.આઈ.ડી.સી.નાં વિકાસ માટે સરકારે રસ દાખવવાની જરૂર છે.

બનાસકાંઠા જિલ્લામાં કે ગુ-જરાતમાં સરકાર વાઈબ્રન્ટ સમિટનાં નામે માત્ર તાયફા કર્યા હોવાનું અને માત્ર અધિકારીઓ પણ ઉદ્યોગના ખોટા આંકડા બતાવતા હોવાનાં આક્ષેપ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ દિનેશભાઈ ગઢવીએ કર્યા છે સાથે બનાસકાંઠામાં બેરોજગારોની સંખ્યા પણ વધી રહી હોવાનું જણાવ્યું હતું.

ખરેખર સરકારે બનાસકાંઠા જિલ્લામાં થયેલા એમઓયુની ફરીથી સમીક્ષા કરી યુનિટ સ્થાપવામાં કે જગ્યા ફાળવવામાં પડતી તકલીફો દૂર કરી વધુમાં વધુ એકમો સ્થપાય તે દિશામાં પ્રયાસ કરે તો જિલ્લાના યુવકોને મોટા પ્રમાણમાં રોજગારી મળી શકે અને જિલ્લામાં ઉદ્યોગો સ્થપાતા વિકાસની નવી દિશા ખુલી શકે તેમ છે. અને કૃષિમાં સૌથી વધુ ઉપજ મેળવતો જિલ્લા હોઈ કૃષિ પેદાશોને લગતા ઉદ્યોગ શરૂ થાય તો જ ખેડુતોને ખેત પેદાશના ભાવ અને બેરોજગારોને રોજી મળી શકે અને સરકારના એમ.ઓ.યુ.નો અભિગમ પણ સફળ નીવડ્યો કહેવાય.

**ઉંઝાના..**

**પાના નં.૮ ચાલુ**

શરીરે ઈજાઓ થઈ હતી. આ ઉપરાંત ટ્રકના કાચ તૂટી જતાં નુકશાન થયું હતું. ઝપાઝપી દરમિયાન ટ્રકચાલકના ખિસ્સામાંથી રૂપિયા ૪૩૦૦ ની રોકડ રકમ પડી ગઈ હતી. આ સમયે ટ્રકચાલક અને કલીનરે બૂમાબૂમ કરતાં નજીકમાંથી કેટલાક માણસો દોડી આવ્યા હતા આથી ચારેય અજાણ્યા શખ્સો રોડ પર પાર્ક કરેલ બે મોટર સાયકલો પર બેસી સિધ્ધપુર તરફ નાસી ગયા હતા. ત્યારબાદ ૧૦૮ એમ્બ્યુલન્સમાં બંનેને સિધ્ધપુર દવાખાને ખસેડાયા હતા જયાં ટ્રક ચાલકને આંખે ગંભીર ઈજાઓ થયેલ હોઈ વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

આ બનાવ અંગે ટ્રકના કલીનરની ફરિયાદના આધારે ઉંઝા પોલીસે ચાર અજાણ્યા શખ્સો વિરૂધ્ધ શારીરિક ગંભીર મહાવ્યથા પથ્થરમારો અને નુકશાની અંગેનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**ધાનેરામાં ..**

**પાના નં.૮ ચાલુ**

૪ ખેત પેદાશો માટે પોસણક્ષમ ભાવે ખરીદીની વ્યવસ્થા કરવામાં આવે, ૫.પાક વિમાની ચૂકવણી કરવામાં આવે, ૬.ખેડૂતોને વ્યાજબી ભાવે બીયારણ, ખાતર અને જંતુનાશક દવાઓ મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવે, ૭.ખેડૂતો પરના અત્યાચાર બંધ કરવામાં આવે વગેરે મુદ્દાઓને લઈને ડીસા અને ધાનેરા પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપવામાં આવ્યુ હતુ. જેમાં ડીસા ખાતે કોંગ્રેસના ગુજરાત સેવા દળના અગ્રણી અને જીલ્લા કોંગ્રેસના ઉપપ્રમુખ પ્રકાશભાઈ ભરતીયા, ડીસા તાલુકા કોંગ્રેસ પ્રમુખ પી.વી.રાજગોર, ડીસા શહેર કોંગ્રેસ પ્રમુખ દીપકભાઈ પટેલ, જીલ્લા ડેલીગેટ, અજમાલભાઈ રાનેરા, જયંતીભાઈ રાજગોર, તાલુકા ડેલીગેટ રમેશસીંહ વાઘેલા, મદારજી સોગવડા, શહેર કોંગ્રેસ મહામંત્રી શૈલેષભાઈ વ્યાસ, પ્રદેશ ઓ.બી.સી.ના ઉપપ્રમુખ જગદીશભાઈ મોદી, જોરાભાઈ નાઈ, મુકેશભાઈ સોલંકી સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો હાજર રહ્યા હતા. જયારે ધાનેરા ખાતે ધારાસભ્ય નથાભાઈ પટેલ, તાલુકા કોગ્રેશ પ્રમુખ મહેદાભાઈ પટેલ, નગરપાલિકા પ્રમુખ બળવંતભાઈ બારોટ, જયેશભાઈ સોલંકી, ઈશ્વરભાઈ પટેલ, નજીરભાઈ શેખ તેમજ મોટી સંખ્યામાં કોગ્રેશ અગ્રણીઓ પણ જોડાયા હતા.

**થાવર..**

**પાના નં.૮ ચાલુ**

નંબર ઉપર બે ચાલતા હોય છે અને સરકારીની તિજોરીને નુકસાન પહાંચાડે છે. જેથી લોકોને આવા વાહનો ધ્યાને આવે તો નજીકના પોલિસ મથકે અથવા આર.ટી.ઓ કચેરી ખાતે જાણ કરવી જોઇએ. જેથી ખોટી રીતે એકજ નંબર ઉપર ફરતા વાહનો બંધ થાય.

**સટોડિયાને ..**

**પાના નં.૮ ચાલુ**

સ્ટોક ૭૦૦૦૦ ટન એટલે કે ૫૦ કિલોની ૧૪ લાખ બોરી સ્ટોક છે. એન.સી.ડી. એક્સ. આકોલામાં ૩૫ હજાર ટન એટલે કે ૫૦ કિલોની ૭ લાખ બોરી ખોળનો સ્ટોક છે.કડી મિલર્સ, વેપારીઓ અને સ્ટોકિસ્ટ બધાનો મળીને ૧૦ લાખ બોરી ખોળનો સ્ટોક છે.કુલ મળીને ગુજરાતમાં ૪૮ લાખ બોરીનો સ્ટોક છે.ગયા વર્ષે એપ્રિલ એન્ડમાં ૭૨ લાખ બોરી સ્ટોક હતો.કપાસ આવવાનો બાકી છે.અને જે કપાસ તથા કપાસિયાનો સ્ટોક છે,તેનો ખોળ હવે બનશે એ દોઢ કરોડ બોરી બનવાનો અંદાજ છે.આજે દાણના ભાવ ડેરીના કિલોના રૂ.૧૫ છે,મકાઈ ખોળના ભાવ કિલોના રૂ.૨૦થી ૨૫ છે,કપાસિયા ખોળના ભાવ કિલોના રૂ.૧૩ થી ૧૭ છે.દરેક કેટ્લફૂડમાં કપાસિયા ખોળ ઊંચું ગુણવત્તાવાળું ગણાય છે.તેમ છતાંય સટ્ટાના કારણે તેના ભાવ નીચા છે.આ કપાસિયા ખોળની મંદી બાબતે એન.સી.ડી.એક્સ.અને સરકાર યોગ્ય પગલાં ભરે તે જરૂરી છે.નહીંતર ખેડૂતો અને નાના વેપારીઓને મોટું નુકશાન થયું છે,જેની અસર નવી સીઝનમાં કપાસના વાવેતરમાં પાડવાની પુરી શક્યતા છે.આ બાબતે વિત્તમંત્રીએ ઝડપી અને યોગ્ય નિર્ણય લેવો જોઈએ તેવી માંગ કરી છે.

# હાલમાં કોઈની સાથે પ્રેમમાં હોવાનો જેક્લીનનો ઈન્કાર

ખુબસુરત જેક્લીને ખુલાસો કરતા કહ્યુ છે કે તે હાલમાં બિલકુલ એકલી છે. કોઈના પણ પ્રેમમાં નથી. જેક્લીને બોલિવુડ સ્ટાર અર્જુન કપુર સાથે પ્રેમમાં હોવાના હેવાલને રદિયો આપ્યો છે. તેનુ કહેવુ છે કે તે સિંગલ હોવાની હાલમાં મજા માણી રહી છે. જેક્લીન હાલમાં સલમાન ખાનની મોટી ફિલ્મ રેસ-૩ ફિલ્મને લઈને વ્યસ્ત છે. આ ગ્લેમરથી ભરપુર ફિલ્મમાં તેની સાથે ડેઝી શાહ, બોબી દેઓલ પણ કામ કરી રહ્યા છે. અનિલ કપુરની પણ ભૂમિકા છે. પ્રેમ પ્રકરણ મામલે જેક્લીને ખુલાસો કરતાની સાથે જ આ અંગે ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. અર્જૂન કપુર સાથે સંબંધ અંગે પુછવામાં આવતા જેક્લીને આ મુજબની વાત કરી હતી. જેક્લીન હાલમાં ટોપ સ્ટાર અભિનેત્રી તરીકે ઉભરી ચુકી છે. તેની તમામ ફિલ્મો સારી કમાણી કરી રહી છે.

ડેવિડ ધવનની જુડવા-૨ ફિલ્મ પણ તેની સુપર હિટ સાબિત થઈ હતી. જેમાં વરૂણ ધવનની સાથે તેની ભૂમિકા હતી. જેકલીને કહ્યુ છે કે એન્ટરટેઈનમેન્ટ વર્લ્ડના ગોસિપ્સ વર્લ્ડ સાથે ખુબ જુના સંબંધ રહ્યા છે. જેક્લીને કહ્યુ છે કે તે સિંગલ છે. તેનુ કહેવુ છે કે ક્યારે પણ કોઈનુ નામ કોઈની સાથે જોડી દેવામાં આવે છે. જ્યારે કેટલીક વખત તો સંબંધ ન હોવા છતાં બ્રેક અપની સ્થિતી દર્શાવી દેવામાં આવે છે. જો કે જેક્લીને કબુલાત કરી છે કે તેની અને અર્જૂન કપુર વચ્ચે સારી મિત્રતા છે. જ્યારે પણ અમારા અંગે કોઈ સમાચાર પ્રકાશિત કરવામાં આવે છે છે ત્યારે અમે બન્ને એન્જોય કરીએ છીએ. અમે બન્ને આવા અહેવાલને લઈને ખુશ થઈએ છીએ. સોનમ કપુર અને જેક્લીન વચ્ચે ખુબ સારી મિત્રતા છે. આવી સ્થિતીમાં થોડાક સમય પહેલા એવા અહેવાલ આવ્યા હતા કે સોનમ કપુરે જ પોતાના ભાઈ અર્જૂન કપુરની ઓળખ જેક્લીન સાથે કરાવી હતી. સોનમ કપુરે જ અર્જૂન કપુર સાથે તેની મિત્રતા કરાવી હતી. જો કે આનો મતલબ એ નથી કે તે મધ્યસ્થી તરીકે કામ કરી રહી છે.

# ટાઈગરની સાથે દેખાવવાથી ફિલ્મ ઉપર અસર થશે નહીં

અભિનેત્રી દિશા પટાની હાલમાં અભિનેતા જેકી શ્રોફના પુત્ર ટાઈગર સાથે ફિલ્મ બાગી-૨માં વ્યસ્ત થયેલી છે. આ ફિલ્મ હવે ૩૦મી માર્ચના દિવસે રજૂ થવા જઈ રહી છે. આ ફિલ્મ સિવાય પર બન્ને સાથે નજરે પડી રહ્યા છે. દિશાએ હાલમાં વાતચીત દરમિયાન કહ્યુ હતુ કે તે ટાઈગર સાથે દેખાય છે તો આના કારણે ફિલ્મ પર કોઈ અસર થશે નહી. જાહેર કાર્યક્રમમાં ટાઈગર અને દિશા મોટા ભાગે એક સાથે નજરે પડે છે. તેમની વચ્ચે પ્રેમ સંબંધ હોવાના હેવાલ પણ વારંવાર આવતા રહ્યા છે. હવે નવા હેવાલ આવ્યા છે કે તેમની વચ્ચે જોરદાર પ્રેમ સંબંધ છે. બન્ને એકબીજાના પ્રેમમાં છે. હવે બાગી-૨ ફિલ્મમાં પણ તેમની જોડી નજર પડનાર છે. તેમની કેમિસ્ટ્રી ફિલ્મમાં પણ ચાહકોને જોવા મળનાર છે. રિપોર્ટની વાત પર વિશ્વાસ કરવામાં આવે તો નિર્માતા નિર્દેશકો માની રહ્યા છે કે જો આ બન્ને જાહેરમાં સાથે હાલમાં નજરે પડશે તો ફિલ્મની કમાણી પર પ્રતિકુળ અસર થઈ શકે છે. ફિલ્મની રજૂઆત વેળાની જે તાજગી હોવી જોઈએતે દેખાશે નહી. બીજી બાજુ આ મામલે દિશાએ દાવો કરતા કહ્યુ છે કે તેના અને ટાઈગર વચ્ચેના રિલેશનને લઈને કોઈને કોઈ સમસ્યા નથી. જો તેઓ બન્ને સાથે નજરે પડે છે તો ફિલ્મ પર કોઈ નકારાત્મક અસર થશે નહી. દિશાના કહેવા મુજબ કોઈ ફિલ્મની પટકથા જ ફિલ્મને આગળ લઈને જાય છે. બાગી-૨ ફિલ્મમાં ટાઈગર અને દિશા ઉપરાંત અરમાન કોહલી, મનોજ વાજપેયી અને રણદીપ હુડા પણ નજરે પડનાર છે. ફિલ્મમાં પ્રતિક બબ્બરની પણ યાદગાર ભૂમિકા છે. બન્ને હાલમાં સાથે કામ કરી રહ્યા છે. ખુબ ઓછા ચાહકોને માહિતી છે કે પ્રતિક અને ટાઈગર એક સાથે અભ્યાસ કરી ચુક્યા છે. તેમની વચ્ચે પહેલાથી જ ખુબ સારી મિત્રતા રહેલી છે. આવી સ્થિતીમાં બન્ને સાથે કામ કરીને ભારે ખુશ દેખાઈ રહ્યા છે.

## ફિલ્મી સીતારા

**અનુસંધાન ૫ નું ચાલુ**

એટલે કીશોરનો સ્વર રાજેશખન્નાનો સ્વર ઓળખાવા લાગ્યો હતો. રાજેશખન્નાએ ૧૯૭૩ માં પોતાનાથી નાની ઉંમરની અભિનેત્રી ડીમ્પલ કાપડીયા સાથે વિવાહ કર્યો હતો અને બે પુત્રીઓને જન્મ આપ્યો હતો એક ટવીંકલ અને બીજી રીંકી.

રાજેશખન્નાનું વૈવાહીક જીવન બહુ લાંબુ નહોતું ચાલ્યું એટલે થોડાક વરસો બાદ બંને અલગ થઈ ગયા હતા. આશરે દોઢ દસક સુધી પ્રેક્ષકો પર રાજ કરનાર રાજેશખન્નાની ૧૯૮૦ બાદ પડતી શરૂ થલઈ. એમણે રાજનીતીમાં પ્રવેશ મેળવીને ૧૯૯૧ અને ૧૯૯૬ માં નવી દિલ્હીમાં કોંગ્રેસના લોકસભાના સાંસદ તરીકે પણ રહ્યા હતા. ૧૯૯૪ માં એમણે ખુદાઈ દ્વારા ફરીથી અભિનય ક્ષેત્રે પ્રવેશ કર્યો ત્યારબાદ એમની અન્ય ફિલ્મો આ અબ લોટ ચલે ૧૯૯૯, કયા દિલને કહા ૨૦૦૨, જાના ૨૦૦૬, અને છેલ્લે રીલીઝ થયેલ ફિલ્મ વફા સાથે ફિલ્મી કેરીયર જાળવી રાખી.દુઃખ અને દર્દને સહન કરતા એકાંકી જીવન જીવતા રાજેશખન્નાએ ૧૮ જુલાઈ ૨૦૧૨ ના રોજ આ દુનિયામાંથી વિદાય લીધી હતી.

**કમલેશ કંસારા**

## મૌની રોય

**અનુસંધાન ૫ નું ચાલુ**

અક્ષય કુમારે કહ્યુ છે ક તેઓ એક નવા સફરની શરૂઆત કરવા જઈ રહ્યા છે. લક્ષ્ય ગોલ્ડથી ઓછા તરીકે નથી. ગોલ્ડ ફિલ્મ હોકી ખેલાડી બલબીરસિંહના જીવન પર આધારિત ફિલ્મ છે. આ ફિલ્મને હાલમાં ફરહાન અખ્તર અને રિતેશ સિદ્ધવાની પ્રોડ્યુસ કરી રહ્યા છે. ફિલ્મમાં અક્ષય કુમારની સાથે કૃણાલ કપુર, અમિત સાધ અને ટેલિવીઝનની લોકપ્રિય અભિનેત્રી મોની રોય નજરે પડનાર છે. ફિલ્મને લઈને તમામ તૈયારી કરવામાં આવી રહી છે. અક્ષય કુમારને બોલિવુડમાં સુપરસ્ટાર કલાકાર તરીકે ગણવામાં આવે છે. અક્ષય કુમાર હાલમાં જોલી એલએલબી અને રૂસ્તમ ફિલ્મમાં નજરે પડ્યો હતો. ટોઈલેટ એક પ્રેમ કથા પણ તેની સારી રહી હતી. બન્ને ફિલ્મોમાં ચાહકોએ તેની ભૂમિકાની પ્રશંસા કરી હતી. હજુ તેની પાસે મોટા બજેટની કેટલીક ફિલ્મો રહેલી છે. અક્ષય કુમારે પોતાની કેરિયરમાં મોટા ભાગે એક્શન અન કોમેડી ફિલ્મમાં ભૂમિકા અદા કરી છે. હોકી પર આધારિત ફિલ્મને લઈને ખુશ છે

## અમિતાભ અને ૠષિ

**અનુસંધાન ૫ નું ચાલુ**

આ ફિલ્મનું નવું ગીત 'બડુમ્બા'ને રિલીઝ કરવામાં આવ્યું છે અને ગીતમાં અમિતાભ અને ૠષિ ની જુગલબંધી તમને બધાને પસંદ આવશે. આ ગીતને અમિતાભ બચ્ચન અને ૠષિ કપૂરે ગાયું છે. બંન્નેનો જુમ્બા ડાન્સ પણ તમને મજેદાર લાગશે. આ ગીતને લઈને ફિલ્મ મેકર ઉમેશ શુક્લાએ એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે 'બડુમ્બા' માટે અમે એક જીવંતતાથી ભરપૂર એક સેટ તૈયાર કરવા ઈચ્છતા હતા. આ ગીત ફિલ્મ અને તેના કલાકારોની ભાવનાને દર્શાવે છે. જોશથી ભરપૂર આ ગીત માટે અમારી ઈચ્છા એક નવો અને ખુશીથી ભરેલો માહોલ બનાવવાની હતી. ઉલ્લેખનીય છે કે ફિલ્મનું ડાયરેક્શન ઓ માઈ ગોડ જેવી ફિલ્મનું ડાયરેક્શન કરી ચુકેલા ડાયરેક્ટર ઉમેશ શુક્લાએ કહ્યું છે. બીજીતરફ આ ફિલ્મમાં અમિતાભ બચ્ચન અને ૠષિ કપૂરની જોડી લગભગ ૨૭ વર્ષ બાદ ફરી મોટા પડદે જોવા મળશે. અમિતાભ અને ૠષિ કપૂરની આ ફિલ્મ ૪ મેએ રિલીઝ થશે.

# સ્થાનિક બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| **ચોકસી બજાર**(કીલોના) | ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦ | દાવત અપ્સરા ૫૦૦૦ | ૪૮૦૦ |
| **ચાંદી ચોરસા ૪૦૦૦૦-૪૦૫૦૦** | ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦ | જીરાસર ચંદન ૩૮૦૦ | વડેચા ૧ કી. |
| રૂપુ કાચું ૪૦૦૦૦-૪૦૫૦૦ | ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦ | ચણાદાળ ૪૪૪ ૭૧૦૦ | ૫૦૦૦ |
| સોનુ તોલો ૩૧૦૦૦-૩૧૪૦૦ | ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦ | મગદાળ સમરદીપ ૭૨૦૦ | વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦ |
| **તેલ બજાર** | ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦ | મગમોગર રીયલ ૮૦૦૦ | સાંગલી ૧૦ કે. ૪૩૦૦ |
| **રાધે પામોલીન ૧૧૯૦** | ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦ | અડદદાળ અક્ષર ૮૩૦૦૦ | **ખોળ બજાર ૯૫૦-૧૦૦૦** |
| પામોલીન ૧૧૭૦ | ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦ | મગ ૫૭૦૦ | દાણ ૭૦ કી.ગ્રા.૯૫૦-૧૦૦૦ |
| સોયા રીફાઈન ૧૪૧૦ | ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦ | અંગુર તુવેરદાળ ૭૬૦૦ | મોરબી ખોળ ૧૦૫૦-૧૧૦૦ |
| રાયડાતેલ ૧૫કી.૧૧૨૦-૧૨૫૦ | ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦ | અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦ | જીરાળુ ૧૬૮૦ |
| **સીંગતેલ૧૫ કી. ૧૫૦૦** | દુન પ્રીમીયમ ૯૦૦૦ | ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦ | ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦ |
| સીંગતેલ ૧૫ લી.૧૩૯૦ | દુન તીબાર ૨૫ કી.૭૭૦૦ | કિસાન તુવેરદાળ ૬૨૦૦ | મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦ |
| **સીગતેલ ૫ લી. ૪૭૦** | દુન તીબાર ૧૦ કી.૭૨૦૦ | પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦ | જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦ |
| તિરૂપતી કપા. ૧૩૬૦ | નર્મદા મગ પોલીસ ૫૯૫૦ | પરખ સ્પેશીયલ ૫૨૦૦ | **પરચુરણ** |
| ૫ લીટર ૪૩૨ | મગદાળ નર્મદા સુપર ૬૦૦૦ | લાલપરી તીબાર જુના ૪૨૦૦ | સોજી ૭૮૦ |
| વનસ્પતિ ઘી ૯૦૦-૧૨૦૦ | નર્મદા મગ મોગર ૬૬૦૦ | લાલપરી દુબાર જુના ૩૮૦૦ | મેંદો ૭૫૦ |
| કોપરેલ ૧૫ કિલો ૩૩૦૦ | મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦ | લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦ | શ્રીફળ એમ. ૧૨૮૦ |
| ૫ કે. કોપરેલ૧૧૫૦ | નર્મદા અડદદાળ ૬૦૦૦ | લાલપરી દુબાર નવા ૩૯૦૦ | નિરમા સાબુ૫૨૫ |
| પલી. અંકુર સીંગતેલ ૪૬૫ | ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦ | રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦ | મેદી ૬૦-૧૦૦ |
| **૧૫ લીટર સનફલાય ૧૩૩૦** | ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦ | લાલમંદિર બાસમતી ૩૬૦૦ | અજમો ૧૪૦-૧૭૦ |
| ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૪૦ | ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦ | **ખાંડ બજાર** | સાકરીયા ૩૮૦૦ |
| ૫ લી. ૩૪૫ | ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦ | (બોરીના ભાવ) | ખાંડ બુરૂ ૪૦૦૦ |
| ૨ લી. ૧૬૦ | તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦ | **ખાંડ એસ. ૩૧૦૦-૩૩૦૦** | કોકમ ફુલ ૧૮૦ |
| **ચોખા-દાળ બજાર** | તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦ | **ખાંડ એમ. ૩૪૦૦-૩૬૦૦** | એલચી ૧૧૦૦-૧૪૦૦ |
| (૧૦૦ કીલોના ભાવ) | તુવરદાળ ખીડીયાર ૬૧૦૦ | ખાંડએલ. ૩૨૫૦-૩૩૫૦ | મોરૈયો ૬૫-૮૦ |
| કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦ | લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦ | **ચા-બજાર** | તલ ૯૦-૧૦૦ |
| કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦ | લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦ | સુરજ છાપ ચા ૩૦૦ | ખસ-ખસ ૩૫૦-૫૮૦ |
| કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦ | લાલ કીલ્લો તીબાર ૭૦૦૦ | હરણ છાપ ચા ૨૨૦ | સીંગદાણા ૬૫-૮૦ |
| કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦ | લાલ કિલ્લો દુબાર ૫૫૦૦ | **આખા મરચાં-હળદર** | **શાકભાજી(૨૦ કિલોના ભાવ)** |
| કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦ | લાલ કિલ્લો મોગરો ૪૫૦૦ | હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦ | દુધી ૧૨૦-૧૮૦ |
| કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦ | હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦ | હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦ | સુકી ડુંગળી ૧૮૦ |
| કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦ | હેરીટેજ તીબાર ૮૦૦૦ | હળદર આખી સેલમ ૯૦ | લસણ ૩૦૦-૭૦૦ |
| કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦ | હેરીટેજ દુબાર ૬૨૦૦ | હળદર તળેલી સાંગલી ૮૦ | ધાણા ૪૦૦-૫૦૦ |
| કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦ | હેરીટેજ મીની દુબા ૫૦૦૦ | મરચા વન્ડર હાટ ૨૦૫૦ | મરચાં ૬૦૦ |
| કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦ | કાયનાત પોપુલર ૬૪૦૦ | મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦ | લીંબુ ૧૪૦૦-૧૬૦૦ |
| દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦ | કાયનાત સુપર ૮૧૦૦ | મરચા તેજા ૧૮૦૦ | અડવી પત્તા ૨૦૦-૩૦૦ |
| દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦ | કાયનાત ૬૮૦૦ | મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦ | આદુ ૧૦૦૦-૧૧૫૦ |
| દાવત સ્પેસીયલ ૭૮૦૦ | કાયનાત પ્રીમીયમ ૮૮૦૦ | મરચા ટોમેટો ૨૨૦૦ | રીંગણ ૩૦૦-૪૦૦ |
| દાવત ૭૭૦૦ | રાજા બાસમતી ૪૦૦૦ | મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦ | ટામેટા ૮૦-૧૨૦ |
| દાવત તીબાર ૭૭૦૦ | કુરૂક્ષેત્ર ૫૮૦૦ | કાશ્મીરી ૯૦ | **ભીંડા ૫૦૦-૬૦૦** |
| દાવત દિલખુશ ૭૮૦૦ | પરી નં.૧ ૯૨૦૦ | કાશ્મીરી મમરી ૯૦ | કોબી ૧૨૦-૧૪૦ |
| દાવત રોજાના ૬૮૦૦ | પરી નં. ૭ તીબાર ૮૨૦૦ | સુપર પટની ૧૦૫ | વટાણા ૧૧૦૦-૧૯૦૦ |
| દાવત મોગરા ૪૮૦૦ | પરી સુપર દુબાર ૭૪૦૦ | સુપર રજવાડી ૧૯૦ | ટીંડસા ૫૦૦-૮૦૦ |
| દાવત મીની મોગરા ૪૦૦૦ | કાયનાત ખેનીટાઈમ ૭૨૦૦ | મરચા ડેડીકટ ૧૨૫ | ગવાર ૫૦૦-૭૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦ | એપ્પલ પ્રીમીય ૪૮૦૦ | મરચાં ૫૮૦૦ | બાદશાહ બટાકા ૩૦૦-૩૨૦ |
| ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦ | ઓરેન્જ ૬૦૦૦ | **ગોળ બજાર** | **સાંગા બટાકા ૨૦૦- ૨૪૦** |
| ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦ | | વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦ | તુવેર ૮૦૦-૧૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦ | | વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦ | |
| ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦ | | વડેચા ૫ કી. | |
| ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦ | | | |
| ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦ | | | |

## અર્જુન કપૂર

**અનુસંધાન ૫ નું ચાલુ**

જો કે શ્રીદેવીના નિધન બાદ અર્જુન અને અંશુલા મળીને બંને નાની બહેનોનું ધ્યાન રાખી રહ્યા છીએ. થોડા દિવસ પહેલાં જ ખબર આવી હતી કે અર્જુન અને અંશુલા પિતા બોની કપૂરના બંગલામાં શિફ્ટ થવાના છે. થોડા સમય પહેલા બોની કપૂર જ્હાન્વી અને ખુશીને લઈને અર્જુનના ઘરે ગયા હતા, જ્યાં પૂરા પરિવારે ડિનર કર્યું હતું. અર્જુન જે રીતે પોતાની બહેન અંશુલા માટે પ્રોટેક્ટિવ છે, તેવી જ રીતે હવે ખુશી અને જ્હાન્વી માટે વિચારે છે. અર્જુનના ઘરની બહાર જ્યારે જ્હાન્વી ઉતરી હતી ત્યારે તેની ડ્રેસને લઈને એક વેબસાઈટે ખરાબ કમેંટ કરી હતી. આ વાંચીને અર્જુન કપૂરને ગુસ્સો આવ્યો હતો અને તેણે તે વેબસાઈટને કડક શબ્દોમાં જવાબ આપ્યો હતો.

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

જન્મદિન મુબારક

નામ :...................... પતિ/પિતા :......................
માતા : ......................જ.તા. ................ઉ.વ.
પરિચય: ..................................................
સરનામુ : ..................................................
મોકલનારની સહી : ..........................................

# ચારણકા શાળાના ભુલકાઓને સ્કૂલબેગનું વિતરણ કરાયું



કમલ ચક્રવર્તી

રાધનપુર

સાંતલપુર તાલુકાના ચારણકા ગામે પ્રાથમિક શાળાના ભુલકાઓને ચારણકા સોલાર પાર્કમાં કાર્યરત કંપની મહિન્દ્રા સસ્ટેન કંપનીના સાઈટ મેનેજર ગૌરવ જોશી, સી.એસ. આર.મેનેજર કેપ્ટ્ન જશપાલસિંહની અધ્યક્ષતામાં યોજાયેલ કાર્યક્રમમાં કાનપુરની રાષ્ટ્રીય પ્રાદ્યોગિક સંસ્થાન દ્વારા વિશેષ પ્રકારની બનાવેલી સ્કૂલબેગોનું ૧૭૦ ભુલકાઓને વિતરણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે શાળા પરિવારે કંપનીનો આભાર વ્યક્ત કર્યો હતો.

# રાધનપુર તાલુકાના લોટિયાની સંસ્થા દ્વારા પાણીની પરબ ચાલુ કરાઈ

રાધનપુર

રાધનપુર તાલુકાના લોટીયા ચાલતી શીતલ મિશન મંગલમ સંસ્થા દ્વારા લોટીયા-ઠીકરીયા-ગોસણ-ગાંજીસર રોડ ઉપર પીવાના ઠંડા પાણીની શીતલ જલધારા પરબ ચાલુ કરવામાં આવી છે. આ રોડ ભાભર તેમજ દિયોદર અને થરા જવા માટેનો ઉપયોગી રસ્તો હોવાથી લોકોને ભરપૂર લાભ મળી રહ્યો છે.આ ઉપરાંત લગ્નની સીઝન હોવાથી પણ આવતા-જતા મુસાફરો માટે શીતલ જલધારા પરબ સાચા અર્થમાં શીતળતા આપી રહી છે.

# હિંમતનગર પોલીટેકનિક કોલેજ ખાતે એડમિશન અવરનેસ કાર્યક્રમ યોજાશે

હિંમતનગર

ગુજરાત સરકારના ટેકનિકલ શિક્ષણ વિભાગ હેઠળના ડીગ્રી પ્રવેશ સમિતિ દ્વારા અભ્યાસક્રમ માટેના પ્રવેશ કાર્યવાહી માટે વિધાર્થીઓ અને વાલીઓ માટે તા. ૨૯ એપ્રિલ ૨૦૧૮ના સવારે ૧૧ કલાકે સાબરકાંઠા જિલ્લના હિંમતનગર સ્થિત પોલીટેકનિક કોલેજ ખાતે કોલેજ એડમિશન અવરનેસ કાર્યક્રમ યોજાશે જેમાં વિધાર્થીઓ અને વાલીઓને હાજર રહેવા આચાર્ય પોલિટેકનિક કોલેજ દ્વારા અનુરોધ કરાયો છે.

# વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| પીલૂડા | | રાજગરો | ૮૧૫-૯૩૨ |
| જીરૂ | ૨૬૨૫-૨૮૩૩ | સરસવ | ૯૨૧-૯૨૧ |
| એરંડા | ૭૫૦ - ૭૮૧ | ઈ.ગુલ | ૧૧૦૦-૧૨૫૦ |
| સુવા | ૭૧૦-૮૨૬ | એરંડા | ૭૬૫-૭૭૬ |
| અજમો | ૧૫૪૨-૧૮૦૦ | રાયડો | ૬૫૫-૭૨૪ |
| ઈસબગુલ | ૧૧૫૦- ૧૪૨૬ | થરાદ | |
| રાયડા | ૬૯૫-૭૨૫ | રાયડો | ૭૦૦-૭૪૫ |
| વરીયાળી | ૧૧૦૦-૧૨૧૮ | જીરુ | ૨૩૦૦-૩૦૫૦ |
| ગવાર | ૭૫૦-૭૫૦ | સોવા | ૭૫૧-૮૫૬ |
| ચીકુડી | ૧૭૦૦-૧૭૧૧ | ચિકુડી | ૧૫૦૦-૧૬૫૧ |
| કલોલ | | એરંડા | ૭૪૦-૭૭૧ |
| ઘઉં | ૩૦૦-૩૬૮ | ઈસબગુલ | ૧૨૦૦-૧૬ |
| એરંડા | ૭૬૫-૭૮૪ | વરીયાળી | ૧૦૭૨-૧૨૮૨ |
| રાયડો | ૬૫૦-૬૯૨ | અજમો | ૧૦૦૦-૨૬૫૦ |
| ડાંગર | ૩૧૦-૩૬૫ | મેથી | ૬૦૦-૧૧૦૦ |
| ગવાર | ૭૪૬-૭૬૮ | રાહ | |
| બાજરી | ૨૦૦-૨૫૦ | રાયડો | ૭૦૦-૭૨૫ |
| ગુંદરી | | એરંડા | ૭૬૫-૭૭૫ |
| ઘઉં | ૩૦૦-૩૫૦ | બાજરી | ૨૪૦-૨૭૦ |
| બાજરી | ૨૪૦-૨૮૫ | ચીકુડી | ૧૪૫૦-૧૬૭૦ |
| રાજગરો | ૮૦૦-૯૪૫ | વરીયાળી | ૧૧૫૦-૧૨૬૦ |
| જીરૂ | ૨૧૫૦-૨૯૦૦ | સોવા | ૮૦૦-૮૫૦ |
| વરી. | ૧૧૦૦-૧૮૯૦ | થરા | |
| ઈસ | ૧૧૨૫-૧૩૫૧ | જીરૂ | ૨૫૦૦-૩૧૩૫ |
| રાયડો | ૬૭૦-૭૨૫ | એરંડા | ૭૭૦-૭૯૪ |
| એરંડા | ૭૭૨-૭૮૦ | રાયડો | ૬૫૦-૭૦૫ |
| મેથી | ૬૦૫-૬૬૫ | ઘઉં | ૩૦૫-૪૩૫ |
| સરસવ | ૮૨૫-૯૨૧ | ગવાર | ૬૬૫-૬૬૬ |
| સુવા | ૭૪૦-૮૮૦ | બાજરી | ૨૪૫-૨૭૦ |
| ચણા | ૬૮૦-૭૦૫ | વરી. | ૧૧૦૦-૧૭૫૦ |
| તારામીરા | ૬૨૫-૭૦૫ | સિદ્ધપુર | |
| ભીલડી | | જીરૂ | ૨૨૫૩-૨૩૩૧ |
| એરંડા | ૭૭૦-૭૮૧ | વરી. | ૯૮૧-૧૨૪૫ |
| રાયડો | ૬૪૧-૬૯૦ | ઈસ. | ૧૧૫૧-૧૩૮૭ |
| રાજગરો | ૭૯૧-૯૦૭ | ઘઉં | ૨૯૧-૪૮૫ |
| બાજરી | ૨૫૬-૨૬૭ | એરંડા | ૭૬૪-૭૮૨ |
| ઘઉં | ૨૯૦-૩૪૭ | રાયડો | ૬૨૦-૭૬૯ |
| ઈસ. | ૯૫૦-૧૧૭૬ | રાજગરો | ૭૫૦ |
| વરી. | ૧૦૭૮-૧૨૨૪ | મેથી | ૫૧૬-૫૮૬ |
| જીરૂ | ૨૬૪૮-૨૭૦૧ | ગવાર | ૬૮૦-૭૩૨ |
| તમાકુ | ૭૨૧-૯૭૬ | બાજરી | ૧૯૦-૨૫૩ |
| ધાનેરા | | જવ | ૩૧૦ |
| એરંડા | ૭૭૧-૭૮૫ | જુવાર | ૮૫૦ |
| રાયડો | ૬૫૦-૭૧૫ | સવા | ૭૮૧-૮૯૪ |
| ઘઉં | ૨૯૫-૩૪૮ | પાટણ | |
| બાજરી | ૨૫૦-૨૮૫ | જીરૂ | ૨૨૪૫-૨૮૪૬ |
| જવ | ૨૮૨ | વરી. | ૯૮૦-૧૫૦૧ |
| ગવાર | ૭૩૦-૭૭૦ | મેથી | ૪૫૦-૫૩૭ |
| સુવા | ૭૦૦-૮૭૯ | સુવા | ૭૦૨-૯૨૫ |
| રાજગરો | ૮૦૫-૯૧૧ | રાયડો | ૬૫૦-૭૬૦ |
| જીરૂ | ૨૫૦૦-૨૯૦૬ | એરંડા | ૭૬૦-૭૯૫ |
| તલ | ૧૪૦૧ | ઈસ. | ૧૦૬૦-૧૨૧૧ |
| વરી. | ૧૦૦૦-૧૧૭૧ | અજમો | ૫૦૦-૧૧૧૧ |
| અસાળીયો | ૭૦૧-૭૬૦ | ઘઉં | ૩૦૫-૪૪૩ |
| ચીકુડી | ૧૬૨૦-૧૬૯૨ | બાજરી | ૨૩૦-૨૪૯ |
| ઈસ. | ૧૦૫૦-૧૪૭૮ | ગવાર | ૭૦૨-૭૩૫ |
| અન્ય | ૭૦૧-૧૬૯૨ | કપાસ | ૭૭૭-૧૦૬૬ |
| પાંથાવાડા | | | |

# વડાલીમાં જૈન સંપ્રદાયમાં પ્રસિધ્ધ પૌરાણિક શાંતિનાથ દેરાસરનો જીણોદ્ધાર કરાશે



નરેન્દ્રસીંહ રાઠોડ
પ્રતિ. વડાલી

વડાલી શહેરમાં ૬૦૦ વર્ષ પૂરાણા જૈન સંપ્રદાયના પ્રસિધ્ધ શાંતિનાથ દેરાસર જર્જરીત થતા તેનો જીર્ણોધ્ધાર કરવા ભગવાનની શોભાયત્રા યોજી ચલ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. જે બાદ મંદિરના ભૂમિ પુજન, ખાત મુહૂર્ત અને શિલાન્યાસ માટે લોકોએ મોટી સંખ્યામાં ચઢાવા બોલ્યા હતા.વડાલી દુધ ડેરી પાસે આવેલ ભગવાન શાંતિનાથનું દેરાસર જર્જરિત થતા આચાર્ય શ્રી યશોવર્મસુરીકારજી, મહારાજની પ્રેરણાથી તેનો જીર્ણોધ્ધાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જે બાદ અમીઝરા જીનાલયની બાજુમાં આવેલ જૈન વાડીમાં વાજતે ગાજતે ભગવાનની ચલ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. જેનો લાભ શેઠ જયંતિલાલ વર્ધમાનદાસ દોશી પરિવાર દ્વારા લેવામાં આવ્યો હતો.

૧૩ મેના રોજ ભવ્ય શિલાન્યાસ વિધિ કરી સંઘ સ્વામી વાત્સલ્ય કરવામાં આવશે. આ શાંતિનાથ મંદિરમાં રોજેરોજ આજુબાજુના રાજયોના જૈન ભક્તો મોટી સંખ્યામા દર્શનનો લાભ લે છે. આ ૬૦૦ વર્ષ ઉપરાંતનું પૌરાણિક મંદિર વડાલી શહેરની આના બાન અને શાનનું પ્રતિક ગણવામાં આવે છે.

# નાયતવાડા ગામે ગ્રામસભા યોજાઈ



પાટણ

રાષ્ટ્રીય પંચાયત દિવસની ઉજવણી રિલાયન્સ ફાઉન્ડેશન, રાધનપુર અને નાયતવાડા ગ્રામપંચાયતના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો. કાર્યક્રમમાં સર્કલ ઓફિસરશ્રી ગોવિંદભાઈ, તલાટી મંત્રી અને આરોગ્ય ખાતાના કાર્યકર હાજર રહ્યા હતા. રિલાયન્સ ફાઉન્ડેશનના વર્ષા મહેતા દ્વારા આજના દિવસે પંચાયતી રાજના મહત્વ વિશે ગ્રામસભામાં ઉપસ્થિત લોકોને માહિતગાર કરી વિવિધ સરકારશ્રીની યોજનાઓનો લાભ લેવા જણાવ્યું હતું. આજની વિશેષ ગ્રામસભામાં કેરોસીન, ઉજવલ્લા યોજના અને પ્રધાનમંત્રી આવાસ યોજના અંગે ચર્ચા કરી જે લોકો આ લાભથી વંચિત છે તેના માટે નવી યાદી બનાવી આજની સભામાં ઠરાવ કરવામાં આવ્યો હતો. ફાઉન્ડેશન દ્વારા જળસંચયની કામગીરી અંતર્ગત હોલિયા નિર્માણના કાર્યક્રમ અને તેના મહત્વ વિશે હેમજીભાઈ પટેલ દ્વારા વાત કરી હોલિયાના કામના શ્રીગણેશ કરવામાં આવ્યા હતા. હોલિયા બનાવવામાં આવતા વરસાદી પાણી રીચાર્જ થશે અને ભવિષ્યમાં આ પાણીનો ખેતી પશુપાલન માટે ઉપયોગી સાબિત થશે. આજના કાર્યક્રમમાં ગામના અગ્રણી કેશુભા પરમાર, કાનજી ભાઈ, લાખા રબારી અને પંચાયતના સભ્યો હાજર રહ્યા હતા.

# રાધનપુર તાલુકાના સિનાડમાં લગ્ન પ્રસંગે કોંગી અગ્રણીઓની હાજરી



કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુર તાલુકાના સિનાડ ગામે તાલુકા પંચાયતના ઉપપ્રમુખ રમીલાબેન દેસાઈના પતિ રમેશભાઈ દેસાઈના બેનના લગ્ન હોઈ કોંગી અગ્રણીઓએ હાજરી આપી હતી,જેમાં રાધનપુરના ધારાસભ્ય અલ્પેશ ઠાકોર, વાવના ધારાસભ્ય ગેનીબેન ઠાકોર, પાટણના પૂર્વ સાંસદ જગદીશ ઠાકોર, ડીસાના પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ રબારી, રાધનપુર તાલુકા કોંગ્રેસ પ્રમુખ નવીનભાઈ પટેલ, શહેર કોંગ્રેસ પ્રમુખ કાનજીભાઈ પરમાર, પાલિકા પ્રમુખ કમુબેન ઠાકોર, ગોતરકા સ્વામીજીની જગ્યાના મહંત પૂ.સ્વામીજી મહારાજ સહીત અનેક અગ્રણીઓએ આ પ્રસંગે હાજરી આપીને પ્રસંગને દીપાવ્યો હતો.

# પાટણમાં રેલવેના પ્રથમ નાળા પાસેના દબાણો દૂર કરવા વેપારીઓની માંગ

પાટણ

પાટણમાં રેલવેના પ્રથમ નાળા નજીક આવેલ નવા-ગંજ બજારના રસ્તા પર દ્વિચક્રી વાહનો અને પરચુરણ લારી-ગલ્લાના કાયમી અડ્ડાથી ગંજ-બજારમાં જતા વેપારીઓને આવ-જા કરવામાં ભારે મુશ્કેલી રહે છે ક્યારેક મોટર સાયકલ પર આવ-જા કરતા વેપારીનું વાહન કોઈ લારીને અથડાવતો બોલાચાલી બાદ મારામારીનો બનાવ પણ બને છે. ત્યારે ગંજ-બજારના વેપારી ભોગીલાલ ઠક્કર મંગળવારે સાંજે ગંજ-બજારમાંથી નીકળી પ્રથમ રેલવે નાળા તરફ જતા હતા ત્યારે તેમનું બાઈક એક સોડા લેમનની લારી અથડાતાં ત્યા ઉભેલા બે જણાને ઈજાઓ થઈ હતી. જો કે થોડી બોલાચાલી બાદ મામલો શાંત પડ્યો હતો.

અત્રે નોંધવું ઘટે કે રેલ્વેના પ્રથમ નાળા પાસે વધતા દબાણો દૂર કરવા પાલિકા દ્વારા કડક કાર્યવાહી થાય તેવી વેપારીઓની માંગ ઉઠી છે.

# પાટણમાં લખીયારવાડા નજીક બુટલેગરની કાર પર હુમલો

પાટણ

પાટણના લખીયારવાડા રોડ નજીક ગત સોમવારે સવારે બુટલેગરની કાર પર કેટલાક શખ્સોએ હુમલો કરતા ભારે અફડા તફડી મચી જવા પામી હતી, આ ઘટનાની જાણ પોલીસને થતાં જિલ્લા પોલીસ વડા ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવ્યો હતો આ હુમલામાં બુટલેગર સહિત બે વ્યક્તિને ઈજા પહોંચતા ધારપુર સિવીલમાં સારવાર અર્થે ખસેડાયા હતા, આ અંગે બંને પક્ષોએ સામ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

પાટણના લખીયારવાડા ખાતે બે સમુદાયો વચ્ચે દરગાહના વહીવટ બાબતે તકરાર થઈ હતી. જેમાં ક્યુમ ફારૂકીની ગાડી રોકીને કેટલાક જણાએ તલવારથી હુમલો કર્યો હતો. જેમાં બે જણાને ગંભીર ઈજા થઈ હતી. લઘુમતી સમાજના બે જુથો સામ સામે આવી જતાં પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. આ બાબતે બંને પક્ષો તરફથી પોલીસમાં સામ સામે ફરિયાદ નોંધાવામાં આવી હતી.

## રોજગાર કચેરી નિવાસી તાલીમ વર્ગના કો-ઓર્ડીનેટરની નિમણુંક કરવા થશે

પાટણ

જિલ્લા રોજગાર કચેરી,પાટણ દ્વારા આર્મી/એરફોર્સ/નેવી/અર્ધ લશકરી દળો/પેરા મીલીટ્રી ફોર્સ તથા પોલીસ ફોર્સ વિગેરે માં જોડાવવા ઈચ્છુક ઉમેદવારો માટે ભરતી પુર્વેની એક માસનો વિના મૂલ્યે નિવાસી તાલીમ વર્ગ આગામી ૦૧/૦૫/૨૦૧૮ થી ૩૦/૦૫/૨૦૧૮ સુધી કરવામાં આવનાર છે. ૩૦ દિવસ ચાલતા આ નિવાસી તાલીમવર્ગના સંચાલન માટે કો-ઓર્ડીનેટર નિમણુંક કરવાની થાય છે.જેમાં કો-ઓર્ડીનેટરની નિમણુંક કરવા માટે કોઇ પણ પ્રવાહમાં ગ્રેજ્યુએટની લાયકાત ધરાવતા પુરૂષ ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

### રાષ્ટ્રીય પંચાયતીરાજ દિવસ-૨૦૧૮ ઉજવણી અંગેનું

# પ્રધાનમંત્રીનું દેશની ગ્રામ સભાઓને સંબોધન વિડીયો સેટકોમ દ્વારા પાટણ જિલ્લાએ નિહાળ્યું



પાટણ

ભાતર દેશમાં તારીખ ૨૪ એપ્રિલ ૨૦૧૮ રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ તરીકે ઉજવાય છે. પંચાયત ગ્રામીણ ભારતનાં સપનાં અને ઉમ્મીદોને સર્વ સમાવેશી વિકાસ કામ પુરાં કરવાનું સશકત માધ્યમ છે. ગામના ઉત્થાનથી જ નવા ભારતનું નિર્માણ થશે માન પ્રધાનમંત્રીશ્રીના સશકત પંચાયત, સશક્ત નારીનાં સૂત્ર દ્વારા રાજકીય પંચાયતી રાજ દિવસની ઉજવણી પ્રસંગે માન પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ગ્રામસભાઓને બપોરે ૧૨-૫૫ થી ૧૩-૨૫ સુધી સેટકોમ દ્વારા સંબોધિત કર્યું હતું. કલેકટરશ્રી આનંદ પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રીરાજેશ રાજયગુરૂ તેમજ પાટણ જિલ્લાની તમામ વિભાગની જેવી કે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, કચેરીઓના અધિકારી અને કર્મચારીઓએ માન પ્રધાનમંત્રીના સંબોધનને નિહાળ્યું હતું.

# સાબરકાંઠા જિલ્લાના આદિજાતિ ગામોમાં પીવાના પાણીની અછત નિવારવા એક્શન પ્લાન તૈયાર




હિંમતનગર

ચાલુ વર્ષે ઉનાળા દરમ્યા ન પીવાના પાણીની તંગી નિવારવા પાણી પુરવઠા બોર્ડ દ્વારા એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે જે અંતર્ગત જિલ્લામાં ૮૧૦૫ હેન્ડણપંપો કાર્યરત છે. ચાલુ સાલે ૦૧ એપ્રિલ ૨૦૧૮ સુધીમાં ૪૯૧ હેન્ડ પંપો રીપેર કરી ફરિયાદોનો નિકાલ કરવામાં આવેલ છે.જયારે બાકી રહેતી હેન્ડ પંપ રીપેરીંગની ૧૦ ગેંગો કાર્યરત છે. જિલ્લામાં ફરિયાદો મેળવવા નવતર અભિગમ સાથે દરેક હેન્ડંપંપ ઉપર સ્ટીયકરો લગાવવામાં આવેલ છે જેમાં કચેરીનો તેમજ રીપેરીંગ ગેંગના મોબાઈલ નંબર છાપવામાં આવેલ છે જેથી હેન્ડેપંપ બગડે કે તુરત જ ફળીયાના રહીશો ફોન કરી ફરિયાદ નોંધાવી શકે. ચાલુ વર્ષે જિલ્લાડની કલેકટર શ્રી પ્રવિણા ડી.કેએ સમીક્ષા કર્યા મુજબ મુશ્કે લીવાળા ગામ/ફળીયાઓમાં ૧૮૨ નવા હેન્ડ પંપો, ૪૫ નવીન બોર/મોટર, ૧૨ ગામોમાં નવીન મશીનરી,૨ ગામોમાં પાઈપ લાઈન તથા ૧ ગામમાં હયાત કુવાને ઉંડા ઉતારવાની કામગીરી મળીને ૨૪૨ કામો પૂર્ણ કરી પાણી પુરવઠો ચાલુ કરવામાં આવેલ છે.ખેડબ્રહ્મા તાલુકાના સિતોલ, બહેડીયા, નવાનાના, પઢારા, આગીયા, રાધીવાડ, દિગ્થમલી, પંથાલ, ચીખલી, નવામોટા જયારે પોશીના અને લાંબડીયા ગામમાં પીવાના પાણીની તંગી નિવારવા અસરકારક પગલા લઈ આ ગામોમાં હયાત પીવાના પાણીની વ્યાવસ્થાપ ઉપરાંત ૩૪ હેન્ડ પંપો રીપેર કરવામાં આવેલ છે જયારે ૨૩ હેન્ડાપંપો નવીન બનાવવામાં આવેલ છે આ ઉપરાંત નવાનાના ગામે એક નવીન બોરની કામગીરી પૂર્ણ કરી ગામોને વસ્તીના ધોરણે પુરતુ પાણી પંહોચાડવાનો સુનિયોજીત કામ હાથ ધરવામાં આવ્યું છે. જયારે ખેડબ્રહમા તાલુકાના આંબામહુડા ગામના ડાકણ ટોકરી ફળીયાની ૪૨૫ માણસોની વસ્તીય માટેના ૭ હેન્ડ પંપ પૈકી ૩ ચાલુ કાર્યરત છે જયારે અન્ય ૩ હેન્ફપંપમાં વધુ પાઈપો ઉતારી ફરી કાર્યરત કરાયા છે આંબામહુડા ગામની ૧૪૨૨ માણસોની વસ્તીગ ૨૫ હેન્ડીપંપોથી પાણી મેળવતા થયા છે.

પોશીનાના દોતડ ગામમાં પાણીની વિકટ સમસ્યુ" નિવારવા ગામની ૨૦૦૦ની વસ્તી માટે જુદા જુદા ફળીયામાં ગામમાં ૩૬ હેન્ડંપંપો કાર્યરત કરાયા છે. જયારે મુશ્કેંલીવાળા જોગાત ફળીયામાં વાસ્મોદ દ્વારા નવીન બોર બનાવેલ છે જે સફળ થયેલ છેજેથી યોજનાના કામો સત્વારે પૂર્ણ કરી ચાલુ કરવાનું આયોજન હાથ ધરેલ છે.

# રાધનપુરના એસ.ટી.ડેપોમાં આરોગ્ય ચકાસણી કેમ્પ યોજાયો



કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુરના એસ.ટી. ડેપોમાં માર્ગ સુરક્ષા સપ્તાહની ઉજવણીના ભાગરૂપે સ્વાસ્થ્ય ચકાસણી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં એસ.ટી.ના સમગ્ર સ્ટાફની આંખો, બી.પી., સુગર,હાઈપરટેન્શન વગેરેની તપાસ કરવામાં આવી હતી. ડેપો મેનેજર રઘુવીરસિંહ,

ટી.એચ.ઓ. આર.બી. સીંગ,એ.ટી.આઈ. તેમજ વહીવટી સ્ટાફે કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી.

# ભાણપુર નજીક ટ્રેક્ટરની ટક્કરે બાઈકસવારનું મોત

ઈડર

ઈડર તાલુકાના વડીયાવીર ભાણપુર રોડ પર શનિવારે સાંજે અજાણ્યા ટ્રેક્ટરે બાઈકને ટક્કર મારતાં બાઈક પર સવાર ત્રણ પૈકી એકનું ઘટના સ્થળે જ કરૂણ મોત નીપજયુ હતું.

પોલીસ સૂત્રોએ જણાવ્યા મુજબ ગત તા. ૨૧.૦૪.૧૮ના રોજ સાંજે સાડા સાતેક વાગ્યાના સુમારે ઈડર તાલુકાના વડીયાવીર ભાણપુર જવાના માર્ગ પર મારવિન સતીષભાઈ પટેલ બાઈક નં. જી.જે.૯-સીકે.૭૨૫૬ લઈને જઈ રહ્યા હતા અને તેમની સાથે બાઈક પર ધ્રુવકુમાર વિનોદભાઈ પટેલ અને અમિત રાજેશભાઈ પટેલ પણ હતા. તે દરમિયાન કોઈ અજાણ્યા ટ્રેક્ટરે બાઈકને ટક્કર મારતા ત્રણ રોડ પર પટકાયા હતા અને શરીરે ગંભીર ઈજાઓ થઈ હતી.

ધ્રૂવકુમાર વિનોદભાઈ પટેલને માથામાં ગંભીર ઈજાઓ થતાં તેમનું ઘટના સ્થળે જ મોત નિપજયુ હોવા અંગે રામજીભાઈ પુંજાભાઈ પટેલે (રહે. ભાણપુર તા. ઈડર) પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ફરાર અજાણ્યા ટ્રેક્ટર ચાલક વિરૂદ્ધ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# પ્રભારી સચિવના અધ્યક્ષ સ્થાને સમીક્ષા બેઠક યોજાઈ

મહેસાણા

મહેસાણા જિલ્લા કલેકટર કચેરીમાં પ્રભારી સચિવ ધનંજય દ્રિવેદીના અધ્યક્ષ સ્થાને સુજલામ સુફલામ જળ અભિયાન અને આરોગ્ય સેવા અંગેની સમીક્ષા બેઠક યોજાઈ હતી.જેમાં પ્રભારી સચિવશ્રીએ જળ અભિયાન બાબતે વિવિધ સુચનો કર્યા હતા. આરોગ્યની સેવાઓ સરળથાથી મળી રહે તે પ્રમાણેની વ્યવસ્થા કરવા પણ સુચનો થયા હતા. બેઠકમાં જિલ્લા કલેકટર એચ.કે.પટેલ, નિવાસી અધિક કલેકટર રમેશ મેરજા સહિત જિલ્લા અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા